|| વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ||

# || અધ્યાત્મ ||

(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)
**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી
**પ્રકાશક :** સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ
**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની
**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર
**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.9428222357
**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫
**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ટ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં,
ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩
અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com
વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'
ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.
આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.
છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧/–**
વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**
'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.
'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.
આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :
**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**
'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા
પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯

## || આપણા ઘટઘટમાં વ્યાપ્ત ઈશ્વર ||

ઈસ ઘટ અંતર બાગ-બગીચે, ઈસીમેં સરજનહારા,
ઈસ ઘટ અંતર સાત સમુંદર, ઈસી મેં નૌ લખ તારા.
ઈસ ઘટ અંતર પારસ મોતી, ઈસી મેં પરખનહારા,
ઈસ ઘટ અંતર અનહદ ગરજૈ, ઈસી મેં ઉઠત ફુહારા.
કહત કબીર સુનો ભાઈ સાધો, ઈસી મેં સાંઈ હમારા.

★ ★ ★

ઈશ્વરે સમસ્ત સૃષ્ટિ રચી પણ સ્વયં સૃષ્ટિની પાછળ ક્યાંક છૂપાઈ ગયા. બહારનું કોઈ તત્ત્વ એવું નથી જે આપણા ઘટમાં ન હોય. ઈશ્વર આપણા ઘટઘટમાં વ્યાપ્ત છે, તેથી કશું જ બહાર નથી, બધું જ આપણી ભીતર છે. બાગબગીચા આપણી અંદર જ છે, એનો સર્જક પણ અંદર. આપણી અંદર જ સાત સમંદર અને નવલખ તારા છે. જળ અને તેજનો સંગમ અહીં જ છે. પારસમણિ પણ આપણામાં અને એનો પારખનાર પણ આપણામાં. અનહદનો નાદ ભીતર ગર્જે અને એમાંથી જ શબ્દોના ફુવારા ઊઠે છે. આમ કબીર કહે છે આત્મામાં જ પરમાત્મા છે. આપણો સાંઈ આપણામાં જ સમાયો છે.

'ઘટ'નો અર્થ કુંભ કરીએ તો ખાલી કુંભમાં અવકાશ હોય છે. ભરેલા કુંભમાં જળ હોય છે. આમ અવકાશ ને જળ કુંભમાં જ છે. કુંભના ઘડનારને કુંભાર કહીએ છીએ પણ કુંભારનો એક અર્થ પ્રજાપતિ છે. પ્રજાપતિ એટલે બ્રહ્મા અથવા ઈશ્વર. જે નામે ઓળખવો હોય એ નામ પરમાત્માને આપો અરે ! નામ ન આપો તોયે ચાલે. પણ એ પરમ તત્ત્વ જેટલું બહાર છે એટલું જ આપણી ભીતર છે. એ આપણી રગરગમાં છે, એટલું જાણી લઈએ, અનુભવીએ એ પર્યાપ્ત છે.

**–સંકલન** (કહત કબીર)

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥

॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

## ॥ અધ્યાત્મ : ઍપ્રિલ, ૨૦૨૨ ॥

'I am formless and everywhere
My eyes and blessings
Are Always
On my beloved devotees !'

–Shri Sai

'When the student is ready
the teacher appears
When the student is truly ready
the teacher disappears.'

–Lao Tzu



# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| | નિવેદન | | ૫ |
| ૧. | શ્રી યોગેશ્વરકથામૃત | શ્રી 'મા' સર્વેશ્વરી | ૬ |
| ૨. | 'શ્યામનું અહીં ચાલે છે રાજ' | " | ૮ |
| ૩. | મંદિરો વિશે | પૂ.શ્રી યોગેશ્વરજી | ૧૨ |
| ૪. | અન્નક્ષેત્રો | " | ૧૪ |
| ૫. | સંસારની ઉત્પત્તિ | " | ૧૬ |
| ૬. | પરદેશનો પ્રવાસ | " | ૨૧ |
| ૭. | મહાપુરુષોનો દર્શનલાભ | " | ૨૩ |
| ૮. | મહાપુરુષો અને પ્રજાજનો | " | ૨૬ |
| ૯. | આત્મસાક્ષાત્કારી મહાપુરુષ | " | ૨૯ |
| ૧૦. | જ્ઞાન, ભક્તિ અને હિમાલયવાસ | " | ૩૪ |
| ૧૧. | ચમત્કાર અને ધર્મ | " | ૪૦ |
| ૧૨. | મધમાખી બનો | " | ૪૪ |
| ૧૩. | પ્લાનચેટ | " | ૪૮ |
| ૧૪. | પ્રભુનાં પદચિહ્નોથી પુનિત પથની યાત્રા | શ્રી જયશ્રીબેન | ૫૦ |
| ૧૫. | યાત્રાની આમંત્રણપત્રિકા | શ્રી રાજેશ્રીબેન | ૫૧ |
| ૧૬. | શ્રીપ્રભુસંસ્મરણ-ટીહરીયાત્રા | શ્રી અશ્વિનભાઈ | ૫૨ |

## નિવેદન : પરમ પ્રેમમયી 'મા'નો પ્રેમાદેશ–'તમે જ તમને મળો'

અધ્યાત્મવિશ્વનું એ સર્વવિદિત સત્ય છે કે, 'શાશ્વત શાંતિ તેમજ શાશ્વત આનંદ સાક્ષાત્કારી આત્માની કૃપાથી જ શક્ય છે. એક આત્મા જ બીજા આત્માની જ્યોત પ્રગટાવી શકે.' મંદિરો, તીર્થો, સદ્‌ગ્રંથોથી એ પ્રાપ્ત નહિ થાય. આપણી અભીપ્સા જ ગુરુચરણે લઈ જશે અથવા ગુરુને આપણી પાસે લઈ આવશે.

પરમ પ્રેમમયી 'મા'ની કરુણા તન-મનના બંધનમાં પડેલ કંઈ કેટલાય આત્માને શાશ્વત શાંતિ-આનંદની દિશા દર્શાવવા નિમિત્ત બની છે. 'તમારામાં જે કોઈ વિશેષતા છે તે પ્રભુનું દીધું વરદાન છે, તે સમાજને આપી-આપી કૃતાર્થ થઈ જાઓ.' એમ વાંરવાર કહી, આપણી દિવ્ય ચેતના પરત્વે જાગૃત થવા, પ્રભુ તરફ અભિમુખ રહેવા પ્રેરી; સમગ્ર વિશ્વને 'પ્રભુના આવિર્ભાવ' તરીકે જોવાની દૃષ્ટિ આપે છે.

'ઈશ્વર અનાસક્ત છે કેમકે એને સમસ્ત સૃષ્ટિ પર પ્રેમ છે.' એવા જ શુદ્ધ અનાસક્ત પ્રેમનું પૂ.શ્રી'મા' જીવંત દૃષ્ટાંત બન્યાં છે. પ્રેમની મહાન શક્તિ તેઓશ્રીના મહાન આત્મામાં સંપૂર્ણ આવિર્ભૂત હોવાથી પ્રેમનો કોમળ સંસ્પર્શ તેઓશ્રીની સંનિધિમાં આવનાર અનુભવે છે. પરિણામે એકબાજુ બીજાઓને માટે જાત હોમી દેવાની, સર્વસ્વનો અંશ બની, સ્વને મિટાવી દેવાની 'દૈવી શક્તિ' સક્રિય બને છે ને બીજી બાજુ પૂર્ણ માનવીયપણું એ શક્તિને પ્રેમના એક માત્ર કેન્દ્ર પર સ્થિર કરે છે, છતાંયે અનાસક્ત હોય છે.

આપણે પૂ.શ્રી'મા'માં એવા સંપૂર્ણ સમર્પિત મહાન આત્માને પ્રતીત કરી શકીએ છીએ જે પોતે કશું માગતો નથી, કેવળ આપે છે. કદાચ કોઈથી કંઈક, કિંચિત્ અપાઈ પણ જાય તો લોકકલ્યાણના સતત યજ્ઞકાર્યનું એ અર્પણ હજારેગણું થઈને પાછું આવે છે.

આ પ્રેમમયી 'મા' સમગ્ર જગતને અનુરોધ કરે છે : 'આપવાની શક્તિ કેળવો. બસ આપો. ત્યાં જ સમાપ્તિ.'

દિવ્યતા-સંપૂર્ણ માનવતાના આ પ્રતિનિધિ સતત સૂચવે છે : 'જીવન અવસર છે. દીવો બની શકાય છે, જ્યોતિ પ્રગટી શકે છે.' એવું જેને પણ લાગતું હોય તો તેને માટે પૂ.શ્રી'મા' પૂરો શ્રમ ઉઠાવવા તૈયાર છે. જરૂર છે કેવળ પૂ.શ્રી'મા'ના સત્સંગનું બળ લઈને પોતાની અન્તઃક્ષમતાને ઓળખવાની ! પૂ.શ્રી'મા' કહે છે તેમ 'પોતાને મળી લઈ પોતાને જે જાણી લે છે' તેનાથી પરમાત્મા અનભિજ્ઞ રહેતો નથી.'



# ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

### દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૧૦૦

**તા. ૨૪-૨-૮૩, ગુરુવાર, ફાગણ સુદ બારસ ૨૦૩૯ ડરબન શહેર**

દરરોજની જેમ જ ક્રમ રહ્યો. આજે સવારે થોડું ધ્યાનમાં પણ બેઠાં.

એક સારી હૅન્ડ-બૅગ લેવા માટે આજે હું નવ વાગ્યે શ્રી રતિભાઈ સાથે બજારમાં ગઈ.

બજારમાંથી પાછા આવતાં બાર વાગી ગયા.

આજે પૂ.શ્રીએ ખીચડી ને શાક બનાવ્યાં. શ્રી શાંતિભાઈ સાથે થોડી વાતો કર્યા બાદ ભોજન લીધું.

ભોજન બાદ, ત્રણ-ચાર મુલાકાતીઓ મળવા આવ્યા છે તેમની સાથે પૂ.શ્રી બહાર બાગમાં જ બેસીને વાતો કરે છે. યોગશાળાના પ્રવચનનાં આયોજક બહેન ફરી પણ એક પ્રવચન આપો તેવું પૂ.શ્રીને કહે છે. શ્રી શાંતિભાઈ ને શ્રી રતિભાઈ એ અંગે આયોજન કરે છે.

ઉતારા અંગે થોડી વાતો થાય છે. પૂ.શ્રી આરામ કરે છે. ત્યારે ઘડિયાળમાં ત્રણ વાગી ગયા હોય છે.

થોડોક આરામ લીધા બાદ પૂ.શ્રી ઊઠી જાય છે.

સાંજે ધ્યાનની બેઠક બાદ રામાયણ ઉપર આજનું છેલ્લું પ્રવચન અંગ્રેજી ને હિન્દીમાં થાય છે.

આભારદર્શનમાં શ્રી કૃષ્ણદાસ મહારાજે કહ્યું: શ્રી યોગેશ્વરજીનાં પ્રવચનોથી આપણને ઘણું જાણવાનું મળ્યું. ઘણી પ્રેરણા મળી, શાંતિ ને આનંદ મળ્યાં. જાણે ગંગામાં સ્નાન કર્યું

હોય એવો અનુભવ પામ્યાં. મારા જીવનમાં મેં સાંભળેલાં પ્રવચનોમાં યોગેશ્વરજીનાં આ પ્રવચનો શ્રેષ્ઠ છે.

શ્રી કૃષ્ણદાસજીએ ઉદ્‌ગારેલા એમના શબ્દો આ રહ્યાઃ

'It is my pleasant duty this evening to thank Mahatmaji and Mataji.

Mahatmaji gave us a discourse for the past 4 days in Hindi and English on the essence of the Ramayana. It was very impressive, very inspiring and had a lot of knowledge. We had the opprotunity of hearing him very patiently. It was like having a bathe from the flowing waters of the Ganga from a Mahatmaji coming from the Himalayas. It was elevating, most inspiring and gave us ineffable joy and solace. I can safely say it was the best I have heard.'

–Krishnadas Maharaj

આભારદર્શન બાદ સૌ છૂટાં પડે છે. ઉતારા ઉપર સમયસર આવી જવાનું બને છે.

હરિઃૐ

**–પૂ.શ્રી'મા' સર્વેશ્વરી**



## ।। શ્યામનું અહીં ચાલે છે રાજ ।।

જીવનમાં દીધાં તેં રમકડાં અપાર
રમતાં, રમાડતાં થાક્યાં તારાં બાળ.
મારાં મારાં માનીને સંતાડ્યાં ખાસ
પંપાળ્યાં, પોષ્યાં પખાળ્યાં દિનરાત.
શણગાર્યાં, સુધાર્યાં, સત્કાર્યાં સાથ
રાગદ્વેષ સાથે અમે માણ્યાં દિનરાત
માત, તાત, મિત બની વળગ્યાં મઝધાર
મમતાને દોરે સૌને બાંધ્યાં રસાળ
જેણે દીધાં'તાં તેને ભૂલ્યા દિનરાત
તાળાં તોડી તેણે તેડ્યા છે તત્કાળ
હરિ ઉતારે છે રમવા એનાં બાળ
સાદ કરે, સમય થતાં કરે સાવધાન
'સર્વેશ્વરી' શ્યામનું અહીં ચાલે રાજ
મૌન રહી માણવાનું સૌને ફરમાન

**–શ્રી 'મા' સર્વેશ્વરી**(૩/૬/૨૦૧૯)

★

## ।। પદપરિચય ।।

પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરીની શ્રીકલમ અત્યંત સરળ-સહજ શબ્દો આમ જ વહેતા કરી દે છે ને એમાંથી એક નખશિખ સુરેખ પદશિલ્પ કંડારાઈ જાય છે. આખું કાવ્ય એની નિજ-

નિરાળી ગતિમાં આવિર્ભૂત થતું થતું ક્યારે ગંભીર-ગહન ભાવ પર સ્થિર થઈ જાય છે; એની સુધ ભાવકમાં આવે તે પહેલાં તો તે શબ્દપ્રવાહમાં તરતો તરતો કિનારે પહોંચી કૃતિના મૂળ ઉદ્દેશ સાથે જોડાઈ ગયો હોય છે.

આ પદનો આરંભ સૃષ્ટિનિયંતાને સીધા ઉદ્‌બોધનથી થાય છે. પૂ.શ્રી'મા' કહે છે : તેં જીવનમાં અપાર રમકડાં દીધાં, એટલાં અપાર-અગણિત કે રમતાં રમાડતાં તારાં બાળ થાક્યાં. ઈશ્વર એટલું અઢળક ધરે છે કે એ આપતાં નથી થાકતો, આપણે લેતાં થાકીએ. (આ સ્થિતિ ભગવાન-ભક્તના મધુર સંબંધની કાયમની છે)

અમે તો 'તારાં' આપેલાં રમકડાં 'મારાં-મારાં' માનીને ખાસ (અંગત) ગણીને સંતાડ્યાં પંપાળ્યાં, પોષ્યાં, પખાળ્યાં..રાતદિન આ જ ધંધો કર્યો ! પાછાં એને શણગાર્યાં, સુધાર્યાં, સત્કાર્યાં. આ ગમતાં, આ અણગમતાં, આ સારાં, આ ખરાબ, એવા રાગદ્વેષમિશ્રિત વર્ગીકરણો કરી-કરી, રાતદિન માણ્યાં. રમકડાં રમીને બાજુ પર મૂકવાને બદલે, એમાં જ ક્ષણ-ક્ષણ રમમાણ રહ્યાં. એની સાથે ઓતપ્રોત થઈ ગયાં !

આ કહેવાતાં રમકડાં પણ માતા-પિતા-મિત બની મઝધારમાં ન આ પાર, ન પેલે પાર ! ડૂબું-ડૂબું કરતાં-એકબીજાને ડૂબાડતાં, વળગ્યાં. અર્થાત્ પરસ્પર આસક્તિમાં અટવાયાં. અત્યંત રસાળ મમત્વના દોરથી સૌને બાંધ્યાં-સ્વયં બંધાયા.

રમકડાં રમવામાં મશગૂલ અમે આયુષ્યનાં અગણિત વર્ષો આમ જ ગુમાવી દીધાં, અરે ! જેણે દીધાં-આપણા મનોવિનોદ માટે જેણે તમામ જોગવાઈ કરી, કૃપા કરી, કરુણા કરી, એને જ વિસરી બેઠા !

આ રમકડાં દેનાર કોઈ સામાન્ય, અબુધ જન નહિ, સમસ્ત જગતનો સ્વામી છે, એણે તાળાં તોડી, તત્કાળ તેડ્યાં છે. જે બધું



જ વિસરી કેવળ રમકડાંમય થઈ ગયાં છે, તેણે તે સૌને વિનાવિલંબે પોતાની પાસે પહોંચવાનો હુકમ કર્યો છે.

થોડો સમય રમત-ગમતથી પસાર કરવા હરિએ સ્નેહભાવે બાળકોને રમકડાં અર્પેલ. પણ મનુષ્યોએ તો આખેઆખું જીવન જ ધન, પદ, પ્રતિષ્ઠામાં, દુન્યવી સુખોમાં, તન-મનની આળપંપાળમાં વિતાવી દીધું.

રમકડાં ને રમકડાં રમનાર બંને સંબંધોમાં ગૂંચવાઈ ગયા. એમની જીવનનાવ ડૂબું-ડૂબું થઈ રહી ત્યાં સુધી ! સર્વસ્વ ભૂલીને એ ખેલને જ એવો સાચો માની લીધો કે એના ખેલૈયા-સૃષ્ટિના સરજનહારની સ્મૃતિ સુદ્ધાં ન બચી. એટલે છેવટે હરિને તેમને તત્કાળ તેડવાનું સામેથી ફરમાન કરવું પડ્યું.

આમ, રમકડાં રમ્યાં કરવાની જીવલેણ બનવા જતી આદતનો ખાતમો કરવા ઈશ્વરે વિચાર્યું. આ છે કાવ્યનો પૂર્વાર્ધ. ઉત્તરાર્ધ હવે આવે છે, જે મહત્ત્વનો છે. પ્રભુ એનાં બાળને પૃથ્વી પર ઉતારે છે રમવા, પણ રમવાનો અવધિ પૂરો થતાં સાદ પાડે છે, સાવધાન કરે છે : 'બસ ! હવે રમતથી બસ ! અલમ્..ક્યાં સુધી ખેલ્યા કરશો ? આવી જાઓ પાછા ઘરમાં !' જેમ સામાન્ય ઘરોમાં માતાપિતા સંધ્યાટાણે બાળકોને તેમની રમતમાંથી પાછા બોલાવી લે, એવી સહજતાથી, હરિ પણ આપણો મુકરર સમય પૂરો થતાં આપણને પોતાની પાસે બોલાવી લે છે.

કદાચ કોઈને પ્રશ્ન થાય આમ કેમ ? તો પૂ.શ્રી'મા' અહીં બહુ શાંતિથી કહે છે : 'સર્વેશ્વરી શ્યામનું અહીં ચાલે છે રાજ' આ જગત જગદીશનું છે. એની મરજી, એની હકૂમત, એની આણ સર્વત્ર વરતે છે. પ્રભુસત્તા કેવળ સમજીને સ્વીકારવાની હોય છે. સૃષ્ટિના અધિપતિનું આધિપત્ય માથે ચઢાવી, મૌન રહી કોઈપણ જાતના બબડાટ વિના સૌને એનું ફરમાન માણવાનું છે.

એની આજ્ઞાનો અનાદર ના થાય એ જોવાનું છે.

મનગમતાં રમકડાં રમવા પ્રભુએ સમય આપ્યો. આપણે ખાસ્સો માણ્યો. એટલી હદ સુધી કે, એની બક્ષિસને સર્વસ્વ માની, એને જ સંદતર વિસારી બેઠા. તો પ્રભુને હક છે, બાળકોને 'ઘરભેગાં' કરવાનો !

સંપૂર્ણ આત્મવિસ્મૃતને સાવધાન કરીને, પાછાં તેડી લેવા પાછળ એનો પ્રેમાધિકાર મઘમઘે છે. જેમ એણે મોકલેલાં રમકડાં માણ્યાં એમ એના સાવધાનીના સૂરને પણ માણવાની આપણી ફરજ છે. કારણ કે એ 'શ્યામની લીલા' છે. અને આ લીલા રહસ્યમય છે. એ ધારે ત્યારે રમવા મોકલે, ધારે ત્યારે પાછા બોલાવી લે. એ 'વિશ્વનિયંતાનો ખેલ' એ પોતાની રીતે ખેલે છે, એ એનો અધિકાર છે. મનુષ્યે નમ્રતાથી એને મસ્તકે ધારવો રહ્યો.

એક પાશ્ચાત્ય સર્જકે 'પ્રભુની આવી લીલા' માટે જરાક ફરિયાદના સૂરમાં કહ્યું છે : 'He kills us for his sport.' જ્યારે કરુણામયી 'મા'એ 'હરિ સાદ કરે-સમય થતાં સાવધાન કરે' એમ કહ્યું, (અર્થાત્ 'He calls us) કહી શ્યામનું રાજ સૃષ્ટિ પર છે તેથી આણ તો તેની જ વરતશે એમ કહી, 'સંભવિત મૃત્યુ'નો ઈશારો ચૂપકીથી કરી દીધો છે. અને છેલ્લી પંક્તિમાં એના ફરમાન સામે દાવો-ફરિયાદ તો નહિ જ, બબડ્યા વિના, મૌન રહી એ ફરમાન માણવાનું છે. કેમકે (એ આપણા શ્યામ, પ્યારા પ્રભુ તરફથી આવ્યું છે. એવું કોમળતાથી સૂચવી દીધું છે) અને આમ 'હરિ' અને 'બાળ' વચ્ચેના સંબંધની મધુરપને સહેજ પણ આંચ આવે નહિ એમ અત્યંત નજાકતથી સૃષ્ટિના સ્વામીનું સંપૂર્ણ ગૌરવ તેમજ એણે સર્જેલા જીવની ગરિમાને બંનેને અકબંધ રાખીને અદ્‌ભુત કાવ્યકૌશલ્ય દાખવ્યું છે.



# ॥ મંદિરો વિશે ॥

**પ્રશ્ન :** આજકાલ મંદિરોમાં પણ ચોરી થવા માંડી છે. મંદિરોમાંથી કિંમતી વસ્ત્રો, આભૂષણો અને પૈસા ચોરાવા લાગ્યા છે. એ છતાં એની વિરુદ્ધ ભગવાન કશું જ કરી શકતા નથી. એના પરથી શું એવું સાબિત થતું નથી કે કલિયુગમાં દેવીદેવતાનું કે ભગવાનનું દૈવત ઓછું થઈ ગયું છે ?

**ઉત્તર :** દેવીદેવતાનું કે ભગવાનનું દૈવત ઓછું નથી થયું, પરંતુ તમારી સમજશક્તિ ઓછી થઈ છે. શ્રીમંતોના મકાનોના દરવાજા પર દરવાન કે સંરક્ષક હોય છે તેમ તમે દેવી, દેવતા કે ભગવાનને મંદિરના દરવાન કે રખેપાળ માની બેઠા છો, કે તેમની જેમ તે પણ મંદિરની સઘળી સંપત્તિનું સંરક્ષણ કરે ? દેવી, દેવતા કે ભગવાને તમારી પાસે કોઈ દિવસ વસ્ત્ર, આભૂષણ કે ધનવૈભવની માગણી કરી છે ? એમણે એવું પણ કહ્યું છે કે અમારે રહેવા માટે મકાન નથી અને મકાન અથવા આવાસની આવશ્યકતા છે માટે મંદિર બાંધો. તમારી જ ઈચ્છાથી પ્રેરાઈને તમે મંદિરને બનાવીને તેમાં વસ્ત્રાભૂષણોના શણગાર કર્યા છે. પછી દેવી, દેવતા કે ભગવાન એમની સંભાળ શા માટે રાખે ? એ કાંઈ કોઈના નોકર છે ? મંદિર, વસ્ત્ર, ધન અને આભૂષણમાં મમતા તો તમને છે. તેથી તમે તેમનું રક્ષણ કરો તે બરાબર છે. દેવી, દેવ કે ભગવાન તેનું રક્ષણ શા માટે કરે ?

એક મહાપુરુષ, ગુણાતીત કે સ્થિતપ્રજ્ઞ યોગીપુરુષ પણ પથ્થર માટી તથા સોનાને સમદૃષ્ટિથી જુએ છે. કોઈ સિદ્ધ મહાપુરુષને ધનની કે ફળફૂલની ભેટ ધરવામાં આવે ને બીજી જ ક્ષણે તે ભેટને લઈ લેવામાં આવે તો પણ સિદ્ધ મહાપુરુષ તેનો વિરોધ કે શોક નથી કરતા. તો પછી જે ઈશ્વર અથવા દેવોના દેવ છે, તેમને કોઈપણ લૌકિક કે પારલૌકિક પદાર્થની માયા, મમતા, તૃષ્ણા કે આસક્તિ ક્યાંથી હોય ? તમે એવી અપેક્ષા

રાખો છો કે તમે જેમ ધન, ધરા, રમાને માટે લડો છો, મારો છો કે મરો છો, તેમ દેવ, દેવી કે ભગવાન લડે, મારે ને મરે ? તમે તેમને ફળાદિ ધરો છો તેનો, ને કોઈ તેને લઈ જાય છે તેનો તેમને સહેજપણ હર્ષશોક નથી હોતો. એટલી વાતને સમજી લેશો તો સમજાશે કે દેવી, દેવનું કે ભગવાનનું દૈવત નથી ઘટ્યું કે નથી મટ્યું પરંતુ તમારી વિવેકશક્તિ જ ઓછી થઈ છે.

**પ્રશ્ન :** તમે મંદિરોના નિર્માણની તરફેણમાં છો કે વિરુદ્ધમાં ?

**ઉત્તર :** કેમ ?

**પ્રશ્ન :** મંદિરોની રચના વધતી જાય છે.

**ઉત્તર :** તેથી કોઈએ ચિંતાતુર શા માટે બનવું જોઈએ ? મંદિરોના નિર્માણની પ્રવૃત્તિ વધતી જતી હોય તો તેથી નાહક દુઃખી નથી થવાનું. દુઃખી થવાથી કે વિરોધ કરવાથી કોઈ ઉપયોગી હેતુ નહિ સરે. મહત્ત્વનું કાર્ય તો મંદિરોને લોકસેવાનાં સાંસ્કૃતિક કેન્દ્રો બનાવવાનું અને જનહિતની વિવિધ પ્રવૃત્તિઓથી ધમધમતા ને મઘમઘતાં કરવાનું છે. એમ કરવામાં આવે તો મંદિરો આશીર્વાદરૂપ અને ઉપયોગી થાય.

**પ્રશ્ન :** તમે કોઈ મંદિરનું નિર્માણ કરવાના છો ?

**ઉત્તર :** મારી આગવી રીતે હું મંદિરનું નિર્માણ કરી જ રહ્યો છું. પંચમહાભૂતનાં હાલતાંચાલતાં માનવમંદિરોની માવજત કરતાં એમનો મહિમા દર્શાવવા હું શ્વાસ લઉં છું. એ મંદિરોમાં મંદ પડેલા કે નામશેષ બનેલા સદ્‌બુદ્ધિના શ્રદ્ધાભક્તિના દીપકને જગાડી, નવી શક્તિ ધરી, દેવોના દેવ આત્મદેવની આરાધના બતાવું છું, આરતી ઉતારું છું. એ મંદિરોના પુનરુદ્ધારની પ્રામાણિક પ્રવૃત્તિ કરું છું. મંદિરોના એવા નવનિર્માણથી, એને માટેના સતત સંનિષ્ઠ પ્રયાસથી, મને સંતોષ થાય છે.

**–શ્રી યોગેશ્વરજી**



# ॥ અન્નક્ષેત્રો ॥

**પ્રશ્ન :** જાહેર અન્નક્ષેત્રોમાં ભિક્ષા લેનારા સાધુપુરુષો સારા નથી હોતા ? કેટલાક મહાનુભાવોનું મંતવ્ય એવું છે કે એવા લોકો સાધુપુરુષો નથી હોતા, તો એ બાબત આપનો શો અભિપ્રાય છે ?

**ઉત્તર :** જાહેર અન્નક્ષેત્રોમાં ભિક્ષા લેવા આવનારા સાધુપુરુષો સારા નથી હોતા એવું માની લેવાનું કોઈ કારણ નથી. જેમને આવશ્યકતા હોય એવા સાધુપુરુષો ભોજન માટે અન્નક્ષેત્રની વ્યવસ્થાનો આધાર લે તેમાં કશું ખોટું નથી. લોકો એમને એટલાથી જ આશંકા, ઉદાસીનતા કે તિરસ્કારની નજરે નિહાળે તે બરાબર નથી. એવા સાધુપુરુષોમાં કોઈ કોઈ સાધુપુરુષો ઉચ્ચ કક્ષાના પણ હોય છે. એ અસાધારણ શાસ્ત્રજ્ઞાન, વિદ્વત્તા, પાંડિત્ય, બૌદ્ધિક પ્રતિભા તેમજ શીલથી સંપન્ન હોય છે. કેટલાકની અંદર આત્મવિકાસની સાધનાની ઊંડી રુચિ હોય છે એટલે સાધુ કે સંતપુરુષને માટે કોઈપણ પ્રકારનો નિર્ણય બાંધતાં અથવા અભિપ્રાય આપતાં પહેલાં એમના બાહ્ય સ્વરૂપને જ જોવાને બદલે એમનો પરિચય કેળવીને એમના વિચાર, ભાવ અને વ્યવહારને અવલોકવાની આવશ્યકતા છે. અન્નક્ષેત્રોનો લાભ કેટલાક કુપાત્ર કે ભજનવિમુખ પુરુષો લેતા લાગતા હોય તો પણ અમુક સુપાત્ર અને ભજનાનંદી પુરુષો પણ લેતા હોય છે એ ખાસ યાદ રાખવા જેવું છે.

**પ્રશ્ન :** તમે અન્નક્ષેત્રોની તરફેણમાં છો ?

**ઉત્તર :** હું અન્નક્ષેત્રોની તરફેણમાં છું એવું નથી કહી શકતો. અન્નક્ષેત્રોની વિરુદ્ધમાં છું એવું પણ નથી કહેતો. આદર્શ સમાજમાં અન્નક્ષેત્રોની આવશ્યકતા નથી હોતી. અન્નક્ષેત્રોનો આધાર કોઈને લેવો જ ના પડે એવી પરિસ્થિતિ પેદા ના થાય

ત્યાં સુધી અન્નક્ષેત્રો રહેવાનાં, અને રહે, અને અન્યની સેવા કરે તો તેમાં કશું ખોટું નથી. એમને સુધારવાની, આધુનિક આકાર આપવાની અને સમયોચિત સેવાકેન્દ્રોમાં ફેરવવાની આવશ્યકતા છે.

**પ્રશ્ન :** અન્નક્ષેત્રોની સાથે કોઈક સેવાની પ્રવૃત્તિને જોડી દેવામાં આવે તો ?

**ઉત્તર :** તો તેવી પ્રવૃત્તિ હિતકારક કહેવાય અને ઉપયોગી થઈ પડે. એવી પ્રવૃત્તિમાં ભાગ લેવાનું ફરજિયાત હોવાને બદલે મરજિયાત કે સ્વૈચ્છિક હોવું જોઈએ. એનું એક કારણ એ છે કે અન્નક્ષેત્રોમાં જે ધન આપવામાં આવે છે તે અન્ન અથવા ભોજનને માટે જ આપવામાં આવે છે; બીજી પ્રવૃત્તિઓને માટે આપવામાં આવતું નથી. અન્નક્ષેત્રોનું નામ સેવાક્ષેત્રો રાખીને અન્નદાનની પ્રવૃત્તિને એક સહપ્રવૃત્તિ તરીકે સ્થાન આપવાથી એ ક્ષેત્રો વધારે સારી રીતે કાર્ય કરે અને અધિક ઉપયોગી અથવા આશીર્વાદરૂપ બને, એ દિશામાં જેટલું પણ કરી શકાય તેટલું કરવાની આવશ્યકતા છે.

**પ્રશ્ન :** અન્નદાન સૌથી શ્રેષ્ઠ દાન છે એ સાચું છે ?

**ઉત્તર :** આંશિક રીતે સાચું છે. અન્નદાનનો મહિમા ઘણો મોટો છે. ભૂખ્યાંને ભોજન આપવા જેવું ઉત્તમ આશીર્વાદરૂપ કાર્ય બીજું કોઈ જ નથી. પરંતુ દાનના અન્ય પ્રકારો પણ એવા જ ઉપયોગી અને આશીર્વાદરૂપ છે. એ પ્રકારોમાં વસ્ત્રદાન, ઔષધિદાન, ભૂમિદાન, વિદ્યાદાન જેવાં દાનોનો સમાવેશ કરી શકાય. વિદ્યાદાનની અને એમાંય ખાસ કરીને આત્માનું અભ્યુત્થાન કરનારી અને આત્મશાંતિને અર્પનારી અધ્યાત્મવિદ્યાના દાનની મહત્તા સૌથી મોટી છે. એની ઉપેક્ષા કદાપિ કોઈપણ દાનના ભોગે ના કરી શકાય.

**—શ્રી યોગેશ્વરજી**



# ॥ સંસારની ઉત્પત્તિ ॥

**પ્રશ્ન :** સંસારની ઉત્પત્તિ ક્યારે અને કેવી રીતે થઈ ?

**ઉત્તર :** સંસારની ઉત્પત્તિ ક્યારે થઈ તે દર્શાવવા માટે કોઈ ચોક્કસ વરસ, મહિનો કે તારીખનો ઉલ્લેખ કરી શકાય તેમ નથી. કેવી રીતે થઈ તેના વિશે પણ જુદાં જુદાં વર્ણનો મળી આવે છે ''સ ઇચ્છાં ચક્રે, એકોડહં બહુસ્યામ્'' એણે સંકલ્પ કર્યો કે હું એક છું તો અનેક સ્વરૂપોમાં પરિણત બનું. ''લિલયા'' આ બધી એની લીલા છે. ''યથોર્ણનાભિઃ સૃજતે ગૃહણતે ચ'' જેવી રીતે કરોળિયો મોઢામાંથી લાળ કાઢે છે, જાળું બનાવે છે અને આખરે એને ગળી જાય છે કે ઉદરમાં સમાવી લે છે, તેવી રીતે ઘણું સર્જન એની અંદરથી પ્રાદુર્ભાવ પામે છે, એના આધારે ટકે છે, અને એની અંદર વિલીન થાય છે. સૃષ્ટિના સર્જનનું પણ એવું જ સમજવાનું છે.

''યથા પ્રદીપ્તાત્ પાવકાત્ વિસ્ફુલિંગાઃ
સહસ્ત્ર શઃ પ્રભવન્તે સરૂપાઃ''

અર્થાત્ પ્રદીપ્ત અમોઘ અગ્નિમાંથી જેવી રીતે હજારો એક જ રૂપના અંગારા પેદા થાય છે તેવી રીતે પરમ સત્યસ્વરૂપ પરમાત્મામાં સર્જનની ક્રિયા સહજ રીતે જ થતી હોય છે.

સૌથી પ્રથમ આકાશ થયું. પછી વાયુ, વાયુમાંથી જળ, જળમાંથી અગ્નિ અને અગ્નિમાંથી પૃથ્વી એવો સૃષ્ટિસર્જનનો સામાન્ય ક્રમ પણ ઉપનિષદોએ દર્શાવ્યો છે.

''હિરણ્ય ગર્ભઃ સમવર્તતાગ્રે
ભૂતસ્ય જાતઃ પતિરેક આસીત્;

સદાધાર પૃથિવીં દ્યાવુ તેષાં
કસ્મૈ દેવાય હવિષા વિધેમ
બ્રહ્મા દેવાનાં પ્રથમં સંબભુવ''

અર્થાત્ સૌથી પ્રથમ નિષ્કલંક, નિર્મળ, અવિદ્યામુક્ત, પરમપ્રતાપી, પરમાત્મા હતા. તે સંસારના એક માત્ર સ્વામી હતા. તેમણે પૃથ્વી, અંતરીક્ષ, સ્વર્ગનું સર્જન કર્યું. એમને છોડીને અમે બીજા કયા દેવનું સ્મરણ, મનન તથા આરાધન કરીએ ? બ્રહ્મા દેવોમાં સૌથી પ્રથમ થયા.

''સદૈવ સૌમ્ય ઇદમગ્રમાસીત્'' હે સૌમ્ય, સૌથી પહેલો એટલે, સર્જનની શરૂઆતમાં સત્યસ્વરૂપ પરમાત્મા જ હતા. એમને કોઈએ પેદા કર્યા નહોતા પરંતુ એમણે સંસારનું સર્જન કર્યું.

એવાં એવાં વર્ણનો સૃષ્ટિના સર્જનની પ્રક્રિયા પર પ્રકાશ પાડે છે. તો પણ એ વર્ણનો કોઈ ચોક્કસ કાળમર્યાદાનો ઉલ્લેખ નથી કરતાં. સૃષ્ટિના સરજનની પ્રવૃત્તિના સુનિશ્ચિત ક્રમને પણ નથી દર્શાવતાં.

**પ્રશ્ન :** તો પછી એ સંબંધી શું સમજવું ?

**ઉત્તર :** મને લાગે છે કે એ વિશેના આખા અભિગમને જ બદલવો જોઈએ.

**પ્રશ્ન :** એટલે ?

**ઉત્તર :** ઉત્પત્તિ ક્યારે ને કેવી રીતે થઈ એવા પ્રશ્નને મહત્ત્વનો ન માનવો. એ જિજ્ઞાસાને શાંત કરી દેવી. કારણ કે એ પ્રશ્નની ચર્ચાથી કશો વિશેષ લાભ નથી. સંસારની ઉત્પત્તિ ગમે ત્યારે, ગમે તેવી રીતે થઈ હોય તો પણ એ એક હકીકત છે. એની વાસ્તવિકતાનો ઇન્કાર અથવા અનાદર થઈ શકે તેમ



નથી. એ પ્રશ્નના પ્રત્યુત્તર વગર પણ સાધના કરીને આત્મવિકાસને માર્ગે આગળ વધી શકાય છે. સંસાર ગમે ત્યારે ને ગમે તે રીતે પ્રાદુર્ભાવ પામ્યો હોય તો પણ આપણે એમાં છીએ એ હકીકત છે. એ હકીકતનો સ્વીકાર કરીને એને અને એના પર બનતા જીવનને સુંદર, સર્વોપયોગી, ઉદાત્ત બનાવવાની કોશિશ કરવાની આવશ્યકતા છે. એના વિશે જેટલી પણ ચર્ચાવિચારણા કરીએ એટલી ઉપયોગી ઠરશે. જીવનના અને જગતના સુધારને માટે ચર્ચાવિચારણા ખૂબ જ કલ્યાણકારક બનશે.

**પ્રશ્ન :** જગતના સુધારને માટે તમે ખરેખર આશાવાદી છો ? મને તો લાગે છે, અને મારી માન્યતા સાથે કેટલાય સૂર પૂરાવે છે કે, જગતનો સંપૂર્ણ સુધાર કદાપિ નહિ થઈ શકે. એ દિશામાં થનારા પ્રયત્નો અધૂરા જ રહેવાના ને નિષ્ફળ જવાના.

**ઉત્તર :** મારો દૃષ્ટિકોણ એટલો બધો નિરાશાવાદી નથી. જગતનો સંપૂર્ણ સુધાર કદાપિ ના થઈ શકે તેમ હોય તો પણ એ દિશામાં થનારા સઘળા પ્રયત્નો પ્રશંસનીય અને આવકારદાયક છે. એ પ્રયત્નોને આપણે વધાવી લઈએ છીએ. આપણું અને સૌનું કર્તવ્ય માનવ તરીકે બીજાને ઉપયોગી થવાનું છે. એ કર્તવ્યનો અનાદર કેવી રીતે કરી શકાય ? એના પ્રત્યે આંખ મીંચામણાં કરવાને બદલે એનું જેટલું પણ પાલન કરી શકાય એટલું કરવા માટે તૈયાર રહેવાનું છે. બીજાની સેવા તથા સુધારણાના નાના મોટા બધા જ પ્રયાસો અધૂરા રહેશે તો પણ તદ્દન નિષ્ફળ તો નહિ જ જાય. એવા પ્રયત્નો કરનારને કર્તવ્યના અથવા માનવોચિત કર્તવ્યના પ્રામાણિક પાલનનો સંતોષ સાંપડશે. બધા જ માનવો પોતાની જાતને એવા પ્રામાણિક

કર્તવ્યપાલનમાં લગાડી દે તો સંસારનું સ્વરૂપ મોટા પ્રમાણમાં સુધરી જાય.

**પ્રશ્ન :** જગતના સુધારની ચિંતા જગતકર્તા ઈશ્વરને જ સોંપીએ તો ? ઈશ્વર એનો સુધાર કરવા માટે શક્તિશાળી નથી ?

**ઉત્તર :** છે. પરંતુ એ કામ કેવળ ઈશ્વરને શા માટે સોંપવું જોઈએ ? સમાજ, રાષ્ટ્ર, અને સંસાર પ્રત્યે માનવની પોતાની પણ જવાબદારી છે. શિક્ષિત, સમજુ, સેવાભાવી માનવને બીજાને ઉપયોગી થવાની ઇચ્છા થાય છે એ આવકારદાયક છે. એ ઇચ્છાનો અમલ કરવા માટે એ સ્વતંત્ર છે. એ ઇચ્છા એની ઉદારતા, નિસ્વાર્થતા તથા સેવાભાવની સૂચક છે, એ એની માનવતાની સાક્ષી પૂરે છે. ઈશ્વર પોતે તો જે કાંઈ કરવાનું હશે તે કરશે જ, પરંતુ માનવે પણ પોતાની રીતે કાંઈક કરી છૂટવું જોઈએ. એ પોતાના કર્તવ્યને ભૂલીને સાધન સામગ્રી અને શક્તિ હોવા છતાં. લમણે હાથ મૂકીને અકર્મણ્ય કે પ્રમાદી બનીને બેસી રહી શકે નહિ. કર્તવ્યનો કલ્યાણકારક સેવાયજ્ઞ ક્ષણે ક્ષણે ને સ્થળે સ્થળે ચાલુ રહે અને સર્વત્ર પોતાની સુવાસ પ્રસરાવે એ આવશ્યક છે. કર્તવ્યનિષ્ઠ સેવાવીરોની સંખ્યા વધતી જાય એ ઇચ્છવા યોગ્ય છે.

**પ્રશ્ન :** સંસારમાં અસંખ્ય સેવાવીરો થઈ ગયા અને આજે પણ થતા જાય છે, તમને એમને લીધે સંસારમાં સુધારો થયો હોય એવું લાગે છે ?

**ઉત્તર :** એમને લીધે સુધારો નહિ થયો હોય તો પણ બગાડો તો નથી જ થયો એ તમે જરૂર સ્વીકારશો. ઉત્તમ ભાવનાથી પ્રેરાયેલું સેવાકાર્ય કે કલ્યાણકાર્ય કદી નકામું જતું નથી. એ અવશ્ય ફળે છે. સેવાકાર્ય કરનાર પોતાનું કર્તવ્ય જ બજાવે છે ને



કર્તવ્યના સમ્યક્ અનુષ્ઠાનમાં આનંદ માને છે. એ પણ એટલું જ સાચું છે કે સુધારો સદા ધીરે થાય છે. એની ગતિ મંદ હોય છે, છતાં પણ હોય છે ચોક્કસ કેટલીકવાર એની પ્રગતિ એટલી બધી મંદ અને સૂક્ષ્મ હોય છે કે બહારથી એનું દર્શન પણ નથી થતું. તોપણ એ ભૂગર્ભમાં પોતાનું કામ કર્યા જ કરે છે. સંસારમાં આજે જે થોડુંક પણ સત્વશીલ, શુભ અને સુંદર દેખાય છે તે એવા પરગજુ, ‘પરહિતસરિસ ધરમ નહિ ભાઈ’ની ફિલસૂફીમાં માનનારા કલ્યાણમૂર્તિ સેવાવીરોને જ આભારી છે. એનું શ્રેય એમને ફાળે જાય છે. એમના પુરુષાર્થ વિના જગતની અવસ્થા કેટલી બધી કરુણ અને કંગાળ હોત તેની કલ્પના સહેલાઈથી કરી શકાય તેમ છે.

**પ્રશ્ન :** એનો અર્થ એમકે અમારે પણ અન્યની સેવા કરવી જોઈએ ?

**ઉત્તર :** તમે એવો સારાંશ ગ્રહણ કરી શકો છો. એથી તમારું અને અન્યનું શ્રેય સધાશે. આપણે જીવનભર બીજાની સેવાદ્વારા જ મોટા થઈએ છીએ. આપણું જીવન પારસ્પરિક મદદ અથવા વિનિમયના આધાર પર જ ચાલે છે. તો પછી એ જીવન દ્વારા આપણે પોતે પણ બીજાને કાંઈક નક્કર એવું આપી જવું જોઈએ. સૌ કોઈ વાવ, કૂવા કે પરબનું નિર્માણ ના કરી શકે, પણ તરસ્યાના મુખમાં પાણી તો રેડી શકે. અન્નક્ષેત્રો ના ખોલી શકે પણ ભૂખ્યાંને ભોજન આપી શકે. અધિક અથવા અલ્પ પ્રમાણમાં અન્યને ઉપયોગી થવાનું મૂલ્ય ઘણું મોટું છે. એ ભાવનાને સેવવા તથા સાકાર બનાવવા બનતું બધું જ કરી છૂટવું જોઈએ.

**—શ્રી યોગેશ્વરજી**

## ॥ પરદેશનો પ્રવાસ ॥

**પ્રશ્ન :** તમે પરદેશનો પ્રવાસ શા માટે કરી રહ્યા છો ?

**ઉત્તર :** મારા વ્યક્તિગત જીવનના ઈતિહાસનું અવલોકન તટસ્થ રીતે કરનારાને એ સત્યની પ્રતીતિ થશે કે મારા જીવનની સમસ્ત પ્રવૃત્તિ પરમાત્માની ચોક્કસ પ્રેરણા અથવા આજ્ઞાને અનુસરીને ચાલ્યા કરે છે. એટલે મારા પરદેશ પ્રવાસની પાછળ પણ પરમાત્માની ઈચ્છા અથવા પ્રેરણા જ કાર્ય કરી રહી છે. પરમાત્માની પવિત્ર યોજના પ્રમાણે જ મારે પરદેશના પ્રવાસે આવવાનું થાય છે.

**પ્રશ્ન :** એનો અર્થ એવો કરી શકાય ખરો કે તમારા પરદેશ પ્રવાસની પાછળ કોઈ પ્રકારનો હેતુ નથી ? એ પ્રવાસ પરમાત્માની જ ઈચ્છા અથવા પ્રેરણાથી થતો હોય તો પણ તેની દ્વારા કોઈ ચોક્કસ પ્રયોજનની પૂર્તિ તો થતી જ થશે. જો તેમ હોય તો તે પ્રયોજન વિશે પ્રકાશ પાડી શકશો ?

**ઉત્તર :** મારા પરદેશના પુણ્યપ્રવાસનું પ્રયોજન પરમાત્માના કલ્યાણકાર્યના અનુષ્ઠાન વિના બીજું કોઈ જ નથી. એ કલ્યાણકાર્ય માનવોને જરૂર હોય ત્યાં ને ત્યારે પ્રકાશ પહોંચાડવાનું, પ્રેરણા પાવાનું, અને તેમને જીવનના મૂળભૂત ધ્યેયનું સ્મરણ કરાવીને તે ધ્યેયની પ્રાપ્તિનો પુરુષાર્થ બતાવવાનું છે. ધર્મને નામે સમાજમાં જે ભાતભાતની ભ્રાન્તિઓ ફેલાએલી છે તેમને દૂર કરીને ધર્મના સાચા સ્વરૂપને રજૂ કરવાની આવશ્યકતા છે તે ઉપરાંત શાંતિની કામનાવાળા માનવોને શાંતિનો માર્ગ બતાવવાનું કાર્ય એટલું જ મહત્ત્વનું છે. પરમાત્માના પવિત્ર પથદર્શન પ્રમાણે એ કલ્યાણકાર્ય કરાઈ રહ્યું છે.



**પ્રશ્ન :** તમારા કાર્યની કોઈ અસર થાય છે ખરી ? બીજાને તેથી કોઈ મહત્ત્વનો લાભ પહોંચે છે ?

**ઉત્તર :** મારા કાર્યથી કોઈને વધારે અથવા ઓછો લાભ પહોંચે છે તેની ચિંતા હું નથી કરતો. સૂર્ય સમય પર પોતાનો પ્રકાશ પૂરો પાડે છે. તે પ્રકાશનો ઉપયોગ કોણે કેટલા પ્રમાણમાં કર્યો તેની ચિંતા તે નથી કરતો. માનવે કર્મ કરતાં રહેવું જોઈએ. તેના ફળની ચિંતામાં તેણે પડવાનું નથી હોતું. સારાનું સારું અને ખરાબનું ખરાબ ફળ અવશ્ય મળે જ છે; તો પણ જે સત્કર્મ કરવામાં આવે છે તે કદી પણ નકામું જતું નથી તેની અસર અવશ્ય થાય છે તે કર્મ દ્વારા બીજાને વહેલી કે મોડી વધારે કે ઓછી મદદ અવશ્ય મળે છે. મારું કલ્યાણકાર્ય પણ એ સંદર્ભમાં નકામું નથી જતું.

**પ્રશ્ન :** તમારા કાર્યને માટે તમે કોઈ ફી લો છો ખરા ?

**ઉત્તર :** ના. ભારતીય સંસ્કૃતિએ અમને જે કાંઈ કરીએ તે સેવાભાવથી નિસ્વાર્થ રીતે કોઈપણ પ્રકારનો પુરસ્કાર લીધા સિવાય કરવાનું શીખવ્યું છે એ સૂચનાનું પાલન કરવામાં મારો સંતોષ સમાયેલો છે અમે સહુકોઈને કોઈપણ પ્રકારના બદલાની આશા વગર ઉપયોગી થવામાં કે મદદરૂપ બનવામાં માનીએ છીએ. અધ્યાત્મના પ્રસારના કલ્યાણકાર્યને અમે સહજ સ્વભાવથી પ્રેરાઈને કરીએ છીએ એને વ્યાપાર અથવા જીવનની આજીવિકાનું સાધન નથી સમજતા.

**પ્રશ્ન :** તો પછી તમારા જીવનની આજીવિકા કેવી રીતે ચાલે છે.

**ઉત્તર :** જે પરમશક્તિ બાળકના જન્મ પહેલાં માતાના શરીરમાં દૂધ પેદા કરે છે તે જ પરમ શક્તિ મારા જીવનનું ધ્યાન રાખે છે. મારી સઘળી આવશ્યકતાઓને તે પૂરી કરે છે. આજ સુધી એણે જ મારી સઘળી સંભાળ રાખી છે, અને વર્તમાન કાળની જેમ ભવિષ્યમાં પણ રાખશે એવો વિશ્વાસ છે. એનું શરણ લેનારને અને સાચા દિલથી સ્મરણ કરનારને સઘળી મદદ મળી રહે છે.

★

## ।। મહાપુરુષોનો દર્શનલાભ ।।

**પ્રશ્ન :** કોઈને આત્મદર્શન અથવા સિદ્ધિદર્શન થયું છે એવું કેવી રીતે સમજાય ?

**ઉત્તર :** આપણે કોઈક મહાનુભાવને મળીએ છીએ ત્યારે તેના મેળાપ સંબંધી કશો સંદેહ રહે છે ખરો ? એમનું દર્શન થાય છે, એમની સાથે વાતચીત કરવાનું સૌભાગ્ય સાંપડે છે, એમની સાથે કોઈ વસ્તુની આપ-લે કરી શકાય છે, એ વિશે કોઈપણ પ્રકારનો સંદેહ રહેતો નથી. આપણે આપણા સ્થૂળ શરીરનું અવલોકન કરીએ છીએ ત્યારે એ બાબત પણ કોઈ જાતની શંકાને માટે અવકાશ રહેતો નથી. એ બધું એકદમ વાસ્તવિક અને ચોક્કસ હોય છે સિદ્ધપુરુષોના દર્શનના અને આત્મદર્શનના અનુભવોના સંબંધમાં બીજાને કેવી રીતે સમજાવી શકાય ? એ તો સ્વાનુભવનો વિષય હોવાથી જે અનુભવે છે તે જ સમજી શકે છે. સાકરનો સ્વાદ જેણે માણ્યો હોય તે જ જાણે છે.



શાસ્ત્રોમાં એવા પુરુષો વિશે કેટલુંક વર્ણન કરવામાં આવ્યું છે. એ વર્ણનના આધાર પર નક્કી કરી શકાય છે કે કોઈને એવું દર્શન થયું છે કે નહિ.

**પ્રશ્ન :** એવા વર્ણનનો સાધારણ ખ્યાલ આપી શકશો ?

**ઉત્તર :** એ વર્ણન પ્રમાણે વિચારીએ તો એવા દૈવી દર્શનનો લાભ મેળવી ચૂકેલા મહાપુરુષો ઊંડી શાંતિથી સંપન્ન હોય છે. એમના પોતાના અંતરમાંથી અવર્ણનીય અનંત આનંદની અખંડ અનુભૂતિ થતી હોય છે. એ સંસારના બહારના વાતાવરણથી અથવા સંજોગોથી ચલાયમાન થતા નથી અને સર્વત્ર પરમાત્માનું દર્શન કર્યા કરે છે. એના પરિણામે સૌ પ્રત્યે પ્રેમ રાખે છે. એ ભય, ચિંતા, શોક તથા કલેશથી મુક્ત હોય છે.

**પ્રશ્ન :** એવા પુરુષોનું દર્શન વર્તમાનકાળમાં થઈ શકે ?

**ઉત્તર :** શા માટે ના થઈ શકે ? એવા મહાપુરુષો કોઈ ચોક્કસ કાળના અથવા દેશવિદેશના બાહ્ય બંધનમાં બંધાયેલા હોતા નથી. એ દેશ તથા કાળથી અતીત હોય છે. વર્તમાનકાળમાં કે બીજા કોઈપણ કાળમાં એમનું દર્શન થઈ શકે છે.

**પ્રશ્ન :** એમના દર્શન માટેનું આવશ્યક સાધન કયું ?

**ઉત્તર :** એમના દર્શનને માટે ઉત્કટ ઈચ્છા હોવી જોઈએ. ઉત્કટ ઈચ્છાથી પ્રેરાઈને નિયમિત રીતે પ્રેમપૂર્વક સતત પ્રાર્થના કરવામાં આવે છે ત્યારે એમના દૈવી દર્શનનો દેવદુર્લભ લાભ મળી રહે છે. એમની સહાયતા પણ સાંપડે છે.

**પ્રશ્ન :** એવા મહાપુરુષોના દર્શન, સમાગમ કે સત્સંગને માટે

જુદા જુદા પ્રદેશોનો પ્રવાસ કરીને શોધ કરીએ તો એમનો મેળાપ થાય કે ના થાય ?

**ઉત્તર :** એવું કરવાથી એમનો દુર્લભ સમાગમ સાંપડશે જ એવું ચોક્કસપણે ના કહી શકાય. એથી ઉલટું એમને માટેની અસાધારણ આતુરતા પેદા થતાં એમનું દર્શન જ્યાં પણ હોઈએ ત્યાં અનાયાસે મળી રહે છે. રામકૃષ્ણ પરમહંસ દેવે પોતાના શિષ્ય નાગમહાશયને ઘેર રહીને સાધના કરવાની સૂચના આપેલી. નાગમહાશયે એમને પૂછેલું કે ઘરમાં રહેવાથી ઉત્તમ પ્રકારના સંત પુરુષોના દર્શન તથા સમાગમનો લાભ કેવી રીતે મળી શકશે, તો રામકૃષ્ણદેવે ઉત્તર આપેલો કે ઉત્તમ પ્રકારના સંતપુરુષોનાં દર્શનની ઉત્કટ ઇચ્છા થતાં તે ઘેર આવીને દર્શન આપશે. રામકૃષ્ણદેવ પ્રત્યેના પ્રેમ તથા વિશ્વાસથી પ્રેરાઈને નાગમહાશય ઘરમાં જ રહીને કાર્ય કરતા રહ્યા, અને રામકૃષ્ણ દેવનાં વચનો પ્રમાણે સર્વોત્તમ પ્રકારના સંતો એમની પાસે આપોઆપ આવતા રહ્યા. સ્વામી વિવેકાનંદ પણ પોતાના પરદેશના પુણ્ય પ્રવાસ પછી એમને મળવા ગયેલા ને બોલેલા કે સમસ્ત જગતમાં ફર્યો પરંતુ નાગમહાશય જેવો પવિત્ર સાધુપુરુષ બીજો નથી જોયો. જે સર્વોત્તમ શ્રેણીના સંતપુરુષોને ઝંખે છે તે ઈશ્વરની અસાધારણ કલ્યાણકારિણી કૃપાથી એમને પામી શકે છે. એમની કૃપાથી એમને ઓળખીને એમનો લાભ પણ મેળવી શકે છે.

**—શ્રી યોગેશ્વરજી**



# ॥ મહાપુરુષો અને પ્રજાજનો ॥

**પ્રશ્ન :** ભારત ધર્મપ્રધાન દેશ કહેવાય છે. એમાં અવતારી પુરુષો, સંતો, સદુપદેશકો, યોગીઓ, તપસ્વીઓ, સત્પુરુષો અને લોકસેવકોની અધિકતા હોવા છતાં આટલું બધું દુઃખ, અજ્ઞાન, આટલી બધી અનીતિ અને અશાંતિ કેમ છે ?

**ઉત્તર :** એનાં કારણો કેટલાંય હોઈ શકે છે. પરંતુ મહત્ત્વનું કારણ પ્રજા સંતો, સત્પુરુષો તથા સદુપદેશકોના માર્ગદર્શન મુજબ ચાલતી નથી, અને ચાલે છે તો અત્યંત અલ્પ પ્રમાણમાં ચાલે છે, તે છે. વૈદ ગમે તેટલી સારી દવા બતાવે, પરંતુ વ્યાધિગ્રસ્ત વ્યક્તિ તેનું સેવન જ ના કરે તો વ્યાધિ કેવી રીતે દૂર થાય ? મારા પરિચયમાં એક સંન્યાસી મહારાજ હતા. તેમને પેટની અને બીજી તકલીફ હતી. એ એક જાણીતા સિદ્ધહસ્ત ડૉક્ટર પાસે ગયા. ડૉક્ટરે તેમને તપાસીને સારામાં સારી દવા આપી. એ દવા એમણે આભાર વ્યક્ત કરીને લીધી. ચાર પાંચ દિવસ પછી અમે ફરવા નીકળેલા ત્યારે એ ડૉક્ટર સામેથી આવતા દેખાયા. સંન્યાસી મહારાજ પાસે પહોંચીને ડૉકટરે એમના સ્વાસ્થ્યના સમાચાર પૂછ્યા તો એમણે જણાવ્યું કે સ્વાસ્થ્ય સંતોષકારક નથી. એવું જ છે. દવા વિશે પૂછપરછ કરતાં એમણે કહ્યું કે દવા લેતો જ નથી. એમણે ડૉક્ટરે આપેલી દવાની પડીકીઓ કફનીના ખિસ્સામાંથી કાઢીને ડૉક્ટરને આપી દીધી. ડૉક્ટરે બધી જ પડીકીઓને પર્વતની ખીણમાં ફેંકી દઈને કહ્યું કે દવા ખાવી નહોતી તો લીધી શા માટે ? મેં તમને મોંઘામાં

મોંઘી ને સારામાં સારી દવા આપી તો પણ તમે તેનો ઉપયોગ ના કર્યો પછી દરદ કેવી રીતે જાય ?

હવે તમે મને ફરીવાર દવા આપવાનું કહેતા નહિ. દરદ દૂર ના થાય તો મને દોષ પણ ના દેતા. એટલું કહીને ડૉક્ટર ચાલવા લાગ્યા. મોટા ભાગની પ્રજાની દશા એ સંન્યાસી મહારાજ જેવી છે. એને ઔષધિના સેવનમાં રસ નથી. સત્પુરુષો અને સદુપદેશકો એને જીવનને શુદ્ધ, શાંત, સમુન્નત, શક્તિશાળી બનાવવાની ઔષધિ બતાવે છે અને અહર્નિશ અવારનવાર બતાવે છે, પરંતુ એ ઔષધિના સમુચિત સેવનમાં કચાશ છે. છેલ્લા કેટલાક વરસોમાં જ કેવા કેવા લોકોત્તર મહાપ્રતાપી મહાપુરુષો થઈ ગયા ? રામકૃષ્ણ પરમહંસદેવ, મહર્ષિ દયાનંદ સરસ્વતી, લોકમાન્ય તિલક, સ્વામી વિવેકાનંદ, સ્વામી રામતીર્થ, મહર્ષિ અરવિંદ, મહાત્મા ગાંધીજી, કોઈપણ દેશ એવા પરમ પ્રતાપી મહાપુરુષોને પ્રકટાવવા માટે ગૌરવ લઈ શક્યો હોત. ભારતે પણ એને માટે ગૌરવ અનુભવ્યું છે. પરંતુ એમણે ઉપદેશેલી સાર વાતોને પ્રજાએ પોતાના જીવનમાં સામૂહિક રીતે ઉતારવાની આવશ્યકતા છે. એ પ્રવૃત્તિ જેટલી વધારે પ્રમાણમાં થશે તેટલી જ લાભકારક અને ઉપયોગી થઈ પડશે. એ દિશામાં પ્રયત્નો થઈ રહ્યા છે અને એમાં સફળ થવાની આશા છે.

**પ્રશ્ન :** ભારત સર્વતોમુખી વિકાસ સાધી. બધી બદીઓને દૂર કરી દુનિયાના આગળ પડતા દેશોની હરોળમાં બેસી શકશે એવો તમને વિશ્વાસ છે ?



**ઉત્તર :** પૂરેપૂરો વિશ્વાસ છે. એને માટે અમે પ્રામાણિકપણે પ્રયત્નો કરી રહ્યા છીએ. અત્યારે દેશ વિકાસના તબક્કાઓમાંથી પસાર થઈ રહ્યો છે. એની બદીઓને દૂર કરવાની કોશિશો કરાઈ રહી છે. વખતના વીતવાની સાથે એ કોશિશો સફળ થશે અને ભારત સંસારના સર્વશ્રેષ્ઠ દેશ તરીકે બહાર આવશે. એના માર્ગમાં અંતરાયો અથવા અવરોધો હોવા છતાં એમને પાર કરીને એ એનું નિર્માણ કરશે. એ સંબંધમાં મને કોઈ શંકા નથી. આપણે ઈશ્વરને પ્રાર્થના કરીએ કે એ એના નવનિર્માણ કાર્યમાં સંપૂર્ણપણે સફળ થાય.

**પ્રશ્ન :** ભારતના નવનિર્માણ કાર્યમાં એના સત્પુરુષોને કે સદુપદેશકોને રસ છે ખરો ?

**ઉત્તર :** છે. સત્પુરુષો કે સદુપદેશકોના અમુક વર્ગને એવો રસ ન હોય એટલે કાંઈ બધાને નથી એવું ના કહી શકાય. ભારતમાં સત્પુરુષો, સદુપદેશકો કે મહાપુરુષોનો એક મોટો વર્ગ એવો છે જે એની સુખાકારી, શાંતિ, સમુન્નતિ તથા સમૃદ્ધિમાં રસ ધરાવે છે અને એને માટે પોતાનાથી બનતા બધા જ પ્રયત્નો કરે છે. એમની કાર્યપદ્ધતિ જુદી જુદી હોવા છતાં એમનું ધ્યેય એક જ છે. ભારત પ્રત્યે સૌને એક સરખો આદર અને પ્રેમભાવ છે. ભારતીય સંસ્કૃતિની સમુન્નતિ માટે સૌ અભિરુચિ રાખે છે. સૌ એનું ગૌરવ ધરાવે છે.

**–શ્રી યોગેશ્વરજી**

## ॥ આત્મસાક્ષાત્કારી મહાપુરુષ ॥

**પ્રશ્ન :** આત્મસાક્ષાત્કાર કરી ચૂકેલા પુરુષને કેવી રીતે ઓળખી શકાય ?

**ઉત્તર :** આત્મસાક્ષાત્કાર કરી ચૂકેલા મહાપુરુષને ઓળખવા માટે દિવ્ય દૃષ્ટિ જોઈએ. એના વિના એમને ઓળખવાનું કાર્ય અતિશય અઘરું અથવા અશક્ય જેવું છે. તો પણ સામાન્ય રીતે એવું કહી શકાય કે શાસ્ત્રોમાં એમને ઓળખવા માટે મદદરૂપ થાય એવાં કેટલાંક લક્ષણો કહ્યાં છે. એ લક્ષણો પરથી એમને ઓળખવાનું સહેલું થઈ પડે છે.

**પ્રશ્ન :** એ લક્ષણો કયાં કયાં છે ?

**ઉત્તર :** એમની વિસ્તૃત ચર્ચા કરવાનું અહીં અસ્થાને છે, તો પણ એમનું વિહંગાવલોકન કરવાનું અનુચિત નહિ લેખાય. આત્મસાક્ષાત્કાર કરી ચૂકેલા મહાપુરુષનું પ્રથમ મહત્ત્વનું લક્ષણ એમનો અખંડ આત્મભાવ હોય છે. એ ગમે ત્યાં રહે અને ગમે તે કરે તો પણ સદા આત્મસ્થ રહે છે એમના મનનું કેન્દ્રીકરણ એક અખંડ આત્મામાં જ થયેલું હોય છે; અને એમનો આત્મભાવ કાયમ રહે છે. એ આત્મામાં સ્થિતિ કરે છે; અને સર્વત્ર સૌ કોઈમાં આત્માને જ જુએ છે. એને લીધે એ શોક તથા મોહમાંથી, રાગદ્વેષમાંથી મુક્તિ મેળવે છે.

એના પરિણામે એ પરમ શાંતિને અનુભવે છે અથવા પરમશાંતિનો સ્વામી બને છે. એમને પરમાત્માની અંદરથી જ પરમસુખની પ્રાપ્તિ થાય છે, સંસારના અનિત્ય પદાર્થોની ઇચ્છા, તૃષ્ણા કે વાસના એમના મનમાં રહેતી નથી.



**પ્રશ્ન :** એવા મહાપુરુષો અત્યારે કોઈ હશે ખરા ?

**ઉત્તર :** એવા મહાપુરુષો અત્યારે પણ છે, એમનો આત્યંતિક અભાવ કોઈપણ કાળમાં નથી હોતો. ઈશ્વરની કૃપાથી એવા મહાપુરુષોનો સમાગમ સહેલાઈથી થઈ રહે છે. ભારતમાં એવા મહાપુરુષોનો આવિર્ભાવ અવારનવાર થતો જ રહે છે. એમનું દર્શન કોઈને કોઈ કારણે ના થાય એટલે એમનો અભાવ છે એવું નથી સમજી લેવાનું. એમના દર્શન કે સમાગમની સાચી ઇચ્છા હોય છે તો તેમનો દેવદુર્લભ લાભ મળી રહે છે. અને એમનો અનુગ્રહ થાય છે.

**પ્રશ્ન :** આત્મસાક્ષાત્કાર કરી ચૂકેલા મહાપુરુષોમાં સિદ્ધિઓ હોય છે ? એમનામાં જુદી જુદી સિદ્ધિઓ હોવી જોઈએ એ વાત સાચી છે ?

**ઉત્તર :** ના, સંપૂર્ણપણે સાચી નથી. આત્મસાક્ષાત્કાર કરી ચૂકેલા મહાપુરુષોમાં જુદી જુદી સિદ્ધિઓ હોય છે, કે હોવી જોઈએ એવો કોઈ ચોક્કસ નિયમ નથી. સૌથી શ્રેષ્ઠ અને આશીર્વાદરૂપ સિદ્ધિ આત્મસાક્ષાત્કારની સિદ્ધિ છે. એ સિદ્ધિને સંપાદન કરીને પોતાના જીવનને સફળ કે કૃતાર્થ કરવા માટે જ મહાપુરુષો મહેનત કરે છે. બીજી કોઈ નાની કે મોટી સિદ્ધિને મેળવવાની ઇચ્છા એમને હોતી નથી. બીજી સિદ્ધિઓ, શક્તિઓ કે વિભૂતિઓને એ ગૌણ ગણે છે કે સાધારણ સમજે છે, અને માને છે કે એમનાથી સાચું આત્મકલ્યાણ થઈ શકતું નથી. કેટલીક વાર સાધક જો જાગ્રત ન હોય તો આત્મકલ્યાણમાં અંતરાય પણ ઊભો થાય છે.

આત્મસાક્ષાત્કાર માટે બીજી સિદ્ધિઓ અનિવાર્ય નથી. આત્મસાક્ષાત્કાર કરી ચૂકેલા મહાપુરુષોમાં કોઈકવાર કોઈ કારણે કેટલીક સિદ્ધિઓ દેખાય છે ખરી, પરંતુ એમને એ વિશેષ મહત્ત્વ નથી આપતા. સાધનાત્મક જીવનનું મુખ્ય લક્ષ્ય સિદ્ધિઓની પ્રાપ્તિ કરવાનું નથી; પરંતુ સિદ્ધિઓના સ્વામી અથવા અધિષ્ઠાતા પરમાત્માનો સાક્ષાત્કાર કરવાનું છે. એ લક્ષ્યનું એમને સતત સ્મરણ રહે છે. એનાથી વંચિત ના થવાય કે ચ્યુત ના બનાય એનું એ સદા ધ્યાન રાખે છે.

**પ્રશ્ન :** કોઈ કોઈને આત્મસાક્ષાત્કાર કરાવી શકે ?

**ઉત્તર :** કોઈ કોઈને આત્મસાક્ષાત્કાર કરવા માટે મદદરૂપ બની શકે, પરંતુ કોઈક વિરલ અપવાદરૂપ ઉદાહરણ સિવાયના બીજા સાધકોએ તો પોતાની મેળે જ આત્મસાક્ષાત્કાર કરવો જોઈએ. બીજા પોતાને માટે એવું અગત્યનું કલ્યાણકાર્ય કરી આપે એવી અપેક્ષા શા માટે રાખવી જોઈએ ? પરમાત્માની કૃપાથી પોતે જ બધું કરી છૂટવું જોઈએ.

**પ્રશ્ન :** મહાપુરુષો અનુગ્રહ ના કરી શકે ?

**ઉત્તર :** કરી શકે, પરંતુ એને માટેની યોગ્યતા, સુયોગ્ય ભૂમિકા જોઈએ. એ કોઈની ઉપર એમને એમ કોઈપણ પ્રકારના કારણ વિના, અનુગ્રહનો વરસાદ શા માટે વરસાવે ? કાર્યકારણભાવના નિયમ વિના તો કશું થઈ શકતું નથી. મહાપુરુષોના અનુગ્રહની આકાંક્ષાવાળા સાધકે સૌથી પ્રથમ તો એમનું મંગલ માર્ગદર્શન મેળવીને સાધના કરવી જોઈએ. સુદીર્ઘ સમયની સાધના પછી, સુયોગ્ય ભૂમિકાનું નિર્માણ થયા પછી, આપ્તકામ પરમાત્મદર્શી મહાપુરુષોના અનુગ્રહ સાધકની



આવશ્યકતા અનુસાર આપોઆપ થઈ રહેશે. એવી સાધનાત્મક ભૂમિકા અથવા યોગ્યતા વિના થનારા અનુગ્રહનું મૂલ્ય કે મહત્ત્વ નહિ સમજાય. એવો અનુગ્રહ થશે તો પણ એને જીરવી શકાશે નહિ.

**પ્રશ્ન :** મહાપુરુષો એમના અસાધારણ અનુગ્રહથી આપણી અંદર સાધનાત્મક ભૂમિકા કે યોગ્યતાનું નિર્માણ ના કરી શકે ?

**ઉત્તર :** કરી શકે. પરંતુ એ એવું નિર્માણ શા માટે કરે ? કોઈપણ પ્રકારની પૂર્વતૈયારી વિના એમની પાસેથી એવી આશા રાખવી અસ્થાને છે અને અનુચિત છે. એવી અપેક્ષા વધારે પડતી છે.

**પ્રશ્ન :** એ કરુણાર્દ્ર નથી હોતા ?

**ઉત્તર :** હોય છે. તો પણ એ પોતાની કરુણાનો દુરુપયોગ કરે એવી આશા એમની પાસેથી ના રાખી શકાય. એમની કરુણાનો દુરુપયોગ થાય એવી આશા આપણે શા માટે રાખવી જોઈએ ? એ કરુણાર્દ્ર હોય છે એનો અર્થ એવો નથી કે વિવેકી નથી હોતા અને આંખ મીચીને જેમ ફાવે તેમ મનસ્વી રીતે બધું કર્યે જાય છે. કોના પર ક્યારે કેટલા પ્રમાણમાં કૃપા કરવા જેવી છે, તેને એ સારી પેઠે સમજે છે. પોતાની સ્વતંત્ર સમજણને અનુસરીને સમય પર વર્તે છે પણ ખરા.

**પ્રશ્ન :** આત્મસાક્ષાત્કારી મહાપુરુષો લોકહિત માટેનાં સેવાનાં કાર્યો કરી શકે ?

**ઉત્તર :** એમની ઈચ્છા હોય તો જરૂર કરી શકે. આમ તો એમની ઉપસ્થિતિ જ કલ્યાણકારક ઠરે છે અને અન્યને માટે

પ્રેરણાદાયક બને છે. એમના દર્શન અને એમની સાથેના સંભાષણથી સૌ કોઈને નવજીવન માટેની પ્રેરણા મળે છે. એ એમની મોટામાં મોટી અને મૂંગી સેવા જ છે. તે છતાં પણ એમની પ્રકૃતિ, રુચિ, પસંદગી કે પરમાત્માની પ્રેરણા પ્રમાણે એ લોકહિતનાં બીજાં કામો પણ કરી શકે છે.

**પ્રશ્ન :** એ એમને માટે બાધક કે બંધનકારક નથી બનતાં ?

**ઉત્તર :** ના નથી બનતાં. જેમ અગ્નિને ઉધેઈ નથી લાગતી અને મણીને મેલ નથી લાગતો, તેમ એવાં કર્મોની શુભાશુભ અસરો એમના પર કદાપિ થતી નથી. એ સદા અહંભાવરહિત, અકર્તા અને અલિપ્ત રહે છે. એમની મુદ્રાવસ્થામાં કશો ફેર પડતો નથી.

**પ્રશ્ન :** એવા મહાપુરુષો કર્મ કરે એ ઈચ્છનીય છે ?

**ઉત્તર :** પુરુષ પોતાને જ માટે જીવે એને બદલે બીજાને માટે જીવે તથા લોકકલ્યાણનાં કર્મો કરે એ બધી રીતે ઈચ્છનીય, આવકારદાયક, આશીર્વાદરૂપ છે. આત્મસાક્ષાત્કારી મહાપુરુષો એમાં અપવાદરૂપ છે, એવું ના કહી શકાય. બીજી રીતે વિચારીએ તો એવા મહાપુરુષો જે કર્મો કરે છે તે કર્મો વધારે પ્રાણવાન હોય છે. એ કર્મો કરે છે તો પણ અહંકારરહિત થઈને, રાગદ્વેષરહિત બનીને કરે છે. એ કર્મો એમને માટે બંધનકારક નથી બનતાં. પરંતુ અન્યને માટે ઉપયોગી અને ઉપકારક ઠરે છે.

**—શ્રી યોગેશ્વરજી**



# ॥ જ્ઞાન, ભક્તિ અને હિમાલયવાસ ॥

**પ્રશ્ન :** એકલા જ્ઞાનથી શાંતિ ના થાય ? 'હું બ્રહ્મ છું' એમ માનવાથી જ શું મુક્તિ નથી મળતી ?

**ઉત્તર :** જ્ઞાન કેવળ સમજવા પૂરતું હોય પરંતુ આચારમાં ઉતરેલું ના હોય તો શાંતિ થવી મુશ્કેલ છે. પોતાની જાતને બ્રહ્મ માની લો પણ કામ, ક્રોધ ને અહંતા કે વિષયોની આસક્તિ હરી ના હોય, તો મુક્તિ ક્યાંથી કહેવાય ? દુર્ગુણો ને વિષય વાસનાના દુષ્ટ બંધનમાંથી માણસે છૂટવાનું છે ત્યારે જ મુક્તિ મળી શકે ને ઈશ્વર તુલ્ય બની શકાય. પોતાને ઈશ્વર માનવાથી ઈશ્વર થઈ જવાતું નથી, પણ ઈશ્વરત્વ કેળવવાથી જ તેમ થઈ શકે છે. તે વિના શાંતિ મળી શકતી નથી.

રાંધણકળાની ચોપડી આવે છે. તેમાં દૂધપાક, પુરી, શીખંડ વગેરે કેમ બનાવવાં તે વર્ણવ્યું હોય છે પણ તે વાંચી કે સમજીને બેસી રહેવાથી કાંઈ ઓડકાર આવે કે ભૂખ મટે ? જઠરાગ્નિને તૃપ્ત કરવા માટે તો તે પ્રમાણે પાકશાળામાં જઈ વાનગી બનાવવી જોઈએ, ને ખાવી જોઈએ. તે વિના સ્વાદ કે શાંતિ મળે નહિ. વળી દરદ થયું છે પણ શુશ્રુત, ચરક કે નાગાર્જુનના ગ્રંથ વાંચીને બેસી રહેવાથી તે જાય ખરું ? તેને મટાડવા માટે તો તે પ્રમાણે દવા કરવી જોઈએ જ્ઞાનનું પણ તેવું જ છે. સદ્‌ગુરુ દ્વારા જ્ઞાનને સાંભળ્યા કે વાંચ્યા-વિચાર્યા પછી તે પ્રમાણે વર્તન કરવું જોઈએ. બ્રહ્મતત્ત્વને અનુભવવા ધ્યાન, ધારણા કે ભક્તિ કરવી જોઈએ. તે વિના શાંતિ કે મુક્તિ મળે નહિ ને ભૂખ પણ ભાગે નહિ.

બહુ વાંચવાની જરૂર નથી. બહુ ભાર ભેગો કરીને શું કરવું

છે ? જેટલું પણ જાણો છે તે પ્રમાણે વર્તવા માંડો. તમારી ભૂલો શોધો ને તેમને દૂર કરો જપ, ધ્યાન કરવા માંડો, આવી રીતે જ તમે ઈશ્વરની પાસે પહોંચીને મુક્ત બની શકશો. યાદ રાખજો કે જ્ઞાનનું અભિમાન બહુ મોટું છે. બધું છોડાય પણ તે છોડવું કપરું છે. આ અભિમાન માણસની આડે હરેક વખતે આવે છે. તે જપ કરવા બેસે તો આ જ અભિમાન વચ્ચે આવીને તેને કહેશે, 'હું તો બ્રહ્મ છું. મારે વળી જપ શા ?' ને માણસ જપ નહિ કરે. તે ધ્યાનમાં બેસશે તો અભિમાન કહેશે, 'હું તો પરમાત્માસ્વરૂપ છું. મારે કોનું ધ્યાન કરવાનું ?' આમ અભિમાનવશ થઈ એ જ્ઞાની ધ્યાન, જપ, તપ, કે કીર્તન કાંઈ જ નહિ કરે. છતાં તેની વાસના ને વિષયાસક્તિ તો ચાલુ જ રહેશે. તો શું બ્રહ્મ તમારા જેવો અલ્પ, નિર્બળ, ક્રોધી, કામી ને અભિમાની છે ? જ્ઞાનના આવા અભિમાનથી સદા દૂર રહેજો. એનાથી ખૂબ ચેતતા રહેજો. નહિ તો તે તારવાને બદલે ડુબાડશે. મુક્ત કરવાને બદલે બંધનમાં નાખશે. જીવનમાં જે કર્મ કરશો તેનું ફળ મળવાનું જ છે. માટે કેવળ વિચારના જ્ઞાની બનવા કરતાં જીવનના આચરણના અનુભવસિદ્ધ જ્ઞાની બનો.

**પ્રશ્ન :** અમે હિમાલયમાં રહી શકીએ ? કેટલીક વાર એમ થાય છે કે બધું છોડીને હિમાલયમાં જતા રહીએ.

**ઉત્તર :** હિમાલયમાં રહેવું હોય તો રહી શકાય, પરંતુ મુશ્કેલીઓ-હવામાન તેમજ ખાનપાનની ઘણી છે, તે છતાં તેને પણ સહન કરીને રહેવાનું બની શકે છે. માણસના મનોબળ પર તેનો આધાર રહે છે. પણ સૌથી મહત્ત્વની વાત તો હિમાલય જવા ઉપડતાં પહેલાં ત્યાં જવાની યોગ્યતા મેળવવાની છે. પૂર્ણ ત્યાગ કે એકાંતસેવન કાંઈ સહેલું નથી. તે કરતાં પહેલાં ઘણા ઘણા નિયમો પાળવા પડે છે. સત્ત્વગુણી થવું પડે છે, ચારિત્ર્ય ને



સ્વભાવનું સંશોધન કરવું પડે છે, મનની દઢતા સાધવી પડે છે, ને છેલ્લે ઈશ્વરદર્શન કે આત્મસાક્ષાત્કાર માટે તીવ્ર ભૂખ જગાડવી પડે છે. હિમાલય જેવા પવિત્ર એકાંત સ્થળમાં માણસે કંટાળીને કે દુ:ખથી હતાશ થઈને જવાનું નથી. તેવી રીતે જવાથી તરત પાછા આવવું પડશે એ પણ નક્કી છે ત્યાં તો પૂરતી સાધનાની તૈયારી પછી હૃદય જ્યારે એકાંતની સાધનાને ખૂબ ઝંખે ત્યારે જ પ્રવેશવાનું છે. એવું મહાન પગલું ભરતાં પહેલાં હજાર વાર વિચાર કરવો જોઈએ ને નીચેના પ્રશ્નો હૃદયને પૂછી લેવા ઘટે :

(૧) સત્ત્વગુણી સ્વભાવ થયો છે ?
(૨) તેને માટે પુરુષાર્થ કરો છો ?
(૩) સત્ય, ન્યાય ને પ્રેમ જીવનમાં ઉતાર્યાં છે ?
(૪) સંસારની અસારતા બરાબર સમજ્યા છો ?
(૫) તેના પરિણામે કેવળ પ્રભુપ્રાપ્તિ કે અમર જીવનની દઢ ઈચ્છા થઈ છે ?
(૬) તે માટે યોગ, ભક્તિ કે જ્ઞાનમાર્ગે રુચિ પ્રમાણે કોઈ સાધના કરી છે ?
(૭) એકાંતનો ને મૌનનો અનુભવ કર્યો છે ?
(૮) ટાઢ-તાપ, માનાપમાન બધું વેઠી શકો છો ?
(૯) કેવળ ઈશ્વરપરાયણ થઈ સાધના કરી શકશો ?
(૧૦) ત્યાગ ન કરો તો ચાલે તેમ નથી ? ને શા માટે ?
(૧૧) સ્ત્રી, ધન ને કીર્તિ કે શરીરના લાલચની વાસના દૂર કરી છે ?
(૧૨) જીવનની છેલ્લી ક્ષણ સુધી તમારા આદર્શ માટે એકાંત સેવવું પડે તો તૈયાર છો ?

આ પ્રશ્નોના સારી પેઠે વિચાર કરીને 'હા'માં ઉત્તર મળ્યો હોય તો પણ ત્યાગ કરતાં પહેલાં બની શકે તો ધીરજ રાખીને કોઈ મહાપુરુષ કે જ્ઞાનીની સલાહ લેજો અથવા તમારા અંતરાત્માને વારંવાર પૂછજો, યાદ રાખજો કે ત્યાગ કોઈ સાહસ નથી કે આંખ મીંચીને મારવાનો કુદકો પણ નથી, તે તો ચોક્કસ વિકાસ પછીની સ્વાભાવિક એવી આવશ્યકતા છે.

**પ્રશ્ન :** જ્ઞાની કે ભક્તપુરુષના મહત્ત્વના બેત્રણ લક્ષણ કયાં ?

**ઉત્તર :** મારી દૃષ્ટિએ જ્ઞાની કે ભક્તમાં સૌથી પ્રથમ મહત્ત્વનું લક્ષણ ચિત્તની સ્થિરતા છે. અનેક પ્રક્રિયા કર્યા પછી આ સ્થિરતા સાધી શકાય છે. કામ, ક્રોધ, અભિમાન જ્યારે દૂર થઈ જાય ને પ્રેમ, દયા તથા નમ્રતાનો આવિર્ભાવ થાય ત્યારે આવી સ્થિરતા આવે છે. આવા સ્થિર ચિત્તવાળો પુરુષ સુખદુઃખ, નિંદા, સ્તુતિ કે સારામાઠા પ્રસંગોમાં શાંત રહી શકે છે તેની ચંચળતા, દૂર થઈ ગઈ હોય છે. ગીતામાં જેને દૈવી સંપત્તિ કહી છે તેની પ્રાપ્તિ વિના આ સ્થિરતા સાધી શકાતી નથી. મનની સ્થિરતા વિના ધ્યાન, નિદિધ્યાસન, ઉપાસના કે અખંડ જપ કશું જ થઈ શકતું નથી પવન વિનાના સ્થળમાં દીવો હાલતો નથી તેવી અવસ્થા સ્થિરતા પ્રાપ્ત કરનાર પુરુષના મનની હોય છે.

આ પછી બીજું મહત્ત્વનું લક્ષણ સમતાનું છે. ભક્ત કે જ્ઞાની બધે જ પરમાત્માનું દર્શન કરે છે. કેવળ મનુષ્યમાં જ નહિ, જડમાં ને પશુપક્ષીમાં પણ તે ઈશ્વરને જુએ છે. જુદાં જુદાં નામ ને રૂપની અંદર અંતરાત્મારૂપે જે ઈશ્વર રહ્યો છે, તેનું તે દર્શન કરે છે. આથી તેનામાં ભેદભાવ કે રાગદ્વેષ જાગી શકતા નથી ભેદ હોય તો જ કોઈ પ્રત્યે રાગ ને કોઈ પ્રત્યે દ્વેષ થાય. જ્યાં એક ઈશ્વર જ વિવિધ વેશમાં વિલસી રહ્યો છે ત્યાં કોના પ્રત્યે



રાગ ને કોના પર દ્વેષ ? તેને મોહ પામવાનું પણ ક્યાં રહ્યું ? સ્ત્રીના હાડચામમાં તે આસક્ત થતો નથી પણ તેનામાં રહે છે એ શક્તિરૂપી પ્રભુને નિહાળી તે અભેદ સાધે છે. બ્રાહ્મણ, ગાય, હાથી ને કૂતરો કે ચાંડાલ સૌમાં આ જ્ઞાની કે ભક્ત ઈશ્વરી પ્રકાશને જુએ છે.

ત્રીજું લક્ષણ મુક્તિનું છે. ઈશ્વરનું દર્શન કર્યું હોવાથી ભક્ત સદા માટે ગુણ કે કર્મના વિકાર ને બંધનમાંથી મુક્ત થઈ જાય છે. સર્વ કાંઈ પ્રભુનું જ છે, સર્વ કાંઈ પ્રભુ જ છે, એ ભાવમાં સ્થિતિ થવાથી તેની અહંતા ને મમતા ઓગળી જાય છે. જ્ઞાની પણ આત્મસાક્ષાત્કાર કરીને સર્વત્ર આત્માનું દર્શન કરે છે તે પણ અહંતા, મમતા ને પ્રકૃતિના ગુણધર્મોથી મુક્ત થાય છે. આ મુક્તિથી જ પરમાનંદ, સનાતન શાંતિ કે ધન્યતા મળે છે. આને જ પરમ પદ કહેલું છે.

**પ્રશ્ન :** તો પછી આ સંસારમાં મેળવવા જેવી વસ્તુ કયી છે ?

**ઉત્તર :** એક ઈશ્વર જ મેળવવા યોગ્ય છે. એના સ્વરૂપનું દર્શન જ કરવા જેવું છે. તે જ જીવનનું પરમ આવશ્યક ધ્યેય છે.

**પ્રશ્ન :** તે કેવી રીતે મળે ?

**ઉત્તર :** દૃઢ નિશ્ચય કરીને તેને માટે જરૂરી પુરુષાર્થ કરવાથી.

**પ્રશ્ન :** પણ ખાવા પીવાની ને બીજી ચિંતા ?

**ઉત્તર :** ઈશ્વરને શરણે જવાથી તમારે કરવાની ચિંતા કોઈ રહેશે નહિ. તમે એક ઈશ્વરની ચિંતા કરો ઈશ્વરને માટે તલસો ને જુઓ, તે તમારી બીજી બધી જ ચિંતા ઉપાડી લેશે. બાળક જેમ 'મા મા' કરે છે, તેમ તમે પણ તે જગજનની 'મા'નો-તે પ્રભુનો આશ્રય લો, ને તેને માટે પુકારો તમારી બધી જ સંભાળ તે લેશે.

**પ્રશ્ન :** ઈશ્વર સહેલાઈથી મળે છે કે મુશ્કેલીથી ?

**ઉત્તર :** તેનો ઉત્તર તમારા પોતાના પર આધાર રાખે છે. જો તમે તેને માટે આતુર હૃદયે તલસતા હો. તો તે તમને સહેલાઈથી મળશે રામકૃષ્ણ પરમહંસદેવે તો ત્યાં સુધી કહ્યું છે કે કલિયુગમાં માણસ ત્રણ જ દિવસ ઈશ્વરને સાચા દિલથી પ્રાર્થે તો ઈશ્વર તેને મળી શકે છે આવા મહાન પુરુષની વાણી ખોટી ના હોય, પણ એવી વ્યાકુળતા જોઈએ. ઈશ્વરને માટે ભોગ આપવાની શક્તિ જોઈએ તમન્ના જોઈએ. આ બધું ના હોય ને ધીરે ધીરે ગાડી ચાલતી હોય તો ઈશ્વરની પાસે તે ક્યારે પહોંચી શકવાની ? એવા માણસને તો અનેક જન્મો લાગવાના. માટે સહેલાઈથી મળે છે કે મુશ્કેલીથી એવો પ્રશ્ન કરવાની જરૂર નથી જેને ઈશ્વર જોઈએ છે તે આવા પ્રશ્ન કરવા નહિ બેસે. ઈશ્વરને માટે ગમે તેટલો સમય લાગે, ગમે તેવો ભોગ આપવો પડે તોય તે તો તૈયાર રહેશે. પોતાનું કામ કર્યે જશે. દરિયામાં મોતી માટે પડનારા લોકો મોતી કેટલે ઊંડે છે તેનો વિચાર નથી કરતા. તે તો ડૂબકી જ મારે છે ને મોતી લઈને બહાર આવે છે. કેમ કે તેમને મોતી પર એટલી પ્રીતિ હોય છે. એક કામી પુરુષની વાતમાં વાંચ્યું છે ને કે નદીમાં તરતા શબને હોડી માની તે નદી પાર કરી ગયો, ને સાપને દોરડું માની ઘર પર તેને પકડીને ચઢી ગયો ? આ વાત સાચી હોય કે ખોટી; સમજવાની વાત એટલી જ છે કે એટલી તમન્ના ઈશ્વરને પામવા માટે છે ? આને જ પ્રેમ કે વ્યાકુળતા કહે છે, આની જ જરૂર છે. આ મળતાં ઈશ્વર સહેલાઈથી મળી શકે છે.

**–શ્રી યોગેશ્વરજી**



# ॥ ચમત્કાર ને ધર્મ ॥

**પ્રશ્ન :** ચમત્કારોને ધર્મ અથવા ઈશ્વર સાથે કાંઈ સંબંધ ખરો ?

**ઉત્તર :** જે જાતના ચમત્કારોની તમે વાત કરો છો અથવા તો લોકોમાં સામાન્ય રીતે જે જાતના ચમત્કારો વિશે કહેવાય છે, તે જાતના ચમત્કારો જાદુ વિદ્યાના પ્રયોગ જેવા છે. કોઈકવાર તે ચમત્કારનું મૂળ મેલી વિદ્યામાં પણ હોય છે. એ ચમત્કારો મોટે ભાગે લોકરંજન માટે કીર્તિ કમાવા માટે, કે ધનપ્રાપ્તિ માટે થતા હોય છે. એમનો આશ્રય લેનાર કોઈ ઊંચી કોટિનો આધ્યાત્મિક વિકાસ કરી ચૂક્યો હશે કે કરવા માગતો હશે. એમ ના કહી શકાય. એવા ચમત્કારોને ધર્મ, ઈશ્વર, આધ્યાત્મિકતા કે માનવના વ્યક્તિગત વિકાસની સાથે સંબંધ ના હોય એ સહેલાઈથી સમજી શકાય તેવું છે. પરંતુ ચમત્કારોનો એક બીજો પ્રકાર પણ છે અને એને ધર્મ, ઈશ્વર, આધ્યાત્મિકતા કે માનવના વ્યક્તિગત વિકાસની સાથે સંબંધ હોઈ શકે છે.

**પ્રશ્ન :** એ પ્રકાર વિશે સમજાવી શકશો.

**ઉત્તર :** જરૂર. એ પ્રકાર વિષે સમજાવું તે પહેલાં એટલું સમજી લો કે એને ચમત્કારના બહુ ગવાયેલા, બહુ ચવાયેલા. નામથી ઓળખવાને બદલે વિશેષ શક્તિ કે સિદ્ધિના નામથી ઓળખવાનું વધારે બંધબેસતું થઈ પડશે. ચમત્કાર શબ્દના ધ્વનિમાં એક જાતની જુદી જ વ્યંજના ઊઠે છે. એ શબ્દમાં કોઈક, લોકોને આંજી નાંખવા માટે કરાતા જાદુ પ્રયોગોનો ભાવ સમાયેલો છે. લોકો એ શબ્દને એ રીતે જ ઓળખે છે, પરંતુ

આપણે જેની વાત કરીએ છીએ તે શક્તિ જુદી છે. આમોન્નતિની દિશામાં આગળ વધનારા સાધકને એની ઉપલબ્ધિ આપોઆપ અથવા તો સ્વાભાવિક રીતે જ થતી હોય છે. ફૂલમાં જેવી રીતે ફોરમ, મધમાં મધુતા, તથા સૂર્યમાં પ્રકાશ સહજ રીતે હોય છે, તેવી રીતે સાધનામાં આગળ વધેલા સાધક કે સિદ્ધ પુરુષમાં એ શક્તિનો આવિર્ભાવ કુદરતના નિયમ પ્રમાણે આપોઆપ જ થતો હોય છે. અમુક પ્રકારના પ્રાણાયામથી સતત ધ્યાન કે સમાધિના અભ્યાસથી ઈશ્વરદર્શનથી અથવા તો મંત્રાનુષ્ઠાનથી એવી અસાધારણ શક્તિનો ઉદ્ભવ થતો હોય છે. ઉદ્ભવેલી શક્તિ ધીમે ધીમે વિકસે છે પણ ખરી. સામાન્ય લોકો એને ચમત્કારના નામથી ઓળખે છે. પરંતુ ચમત્કાર શબ્દ એને માટે બરાબર નથી. ચમત્કાર શબ્દ આધ્યાત્મિક વિકાસનો પરિચાયક નથી. માટે તેનો પ્રયોગ કરવાનું છોડી દઈને હું વિશેષ શક્તિ કે સિદ્ધિ એવા શબ્દનો પ્રયોગ કરું છું.

**પ્રશ્ન :** આત્મિક વિકાસને માર્ગે આગળ વધનારા પ્રત્યેક સાધકને કેવી શક્તિની પ્રાપ્તિ થતી હશે ?

**ઉત્તર :** તેમને ખાસ શક્તિ ઓછાવત્તા પ્રમાણમાં થતી હોય છે. કેટલીકવાર તો બહુ લાંબે વખતે પણ પ્રાપ્તિ થતી હોય છે. છતાં પણ શક્તિનો મોહ રાખવાને બદલે સાધકે સર્વશક્તિમાન પરમાત્માનો મોહ રાખવો જોઈએ. અને પરમાત્માના પ્રત્યક્ષ પરિચય કે સાક્ષાત્કાર માટે જ સાધના કરવી જોઈએ. જે શક્તિની પાછળ પડે છે અને સર્વશક્તિમાનને ભૂલી જાય છે તે ભૂલ કરે છે. શક્તિ કરતાં શક્તિના સ્વામી મહાન છે એ યાદ



રાખવું જોઈએ. અને જીવનના ધ્યેય તરીકે શક્તિની નહિ પરંતુ તેના સ્વામીની જ પસંદગી કરવી જોઈએ. શક્તિ નહિ હોય તો ચાલશે તે વગર જીવનનું કલ્યાણ પણ કરી શકાશે. પરંતુ પરમાત્મા વિના જીવનનું સાર્થક્ય નહિ કરી શકાય.

**પ્રશ્ન :** સિદ્ધિઓમાં પડીને ભાન ભૂલી જવાનો કે માર્ગ ચૂકી જવાનો ભય રહે છે ખરો ?

**ઉત્તર :** રહે છે. પરંતુ કેવળ નબળા મનના વિષયલોલુપ સાધકોને માટે. જેમનું મનોબળ મજબૂત છે, અને ઈશ્વર વિના બીજા કોઈએ પદાર્થની લાલસા જેમના મનમાં નથી રમી રહી, તેમણે તેવો ભય રાખવાની જરૂર નથી. જેનું મનોબળ નબળું છે તે તો સિદ્ધિ નહિ મળે તો પણ બીજી સાધારણ વાતોમાં પડીને પણ ભાન ભૂલી જશે કે માર્ગ ચૂકી જશે. એ તો બધી જ પરિસ્થિતિમાં અસલામતિનો અનુભવ કરશે. યાદ રાખો કે ઊંચી શ્રેણીના સાધકો વિશેષ શક્તિ કે સિદ્ધિને માટે હવાતિયાં નથી મારતા, એને આદર્શ માનીને પણ નથી ચાલતા. પોતાના સાધનાપંથમાં સહજ રીતે સાંપડતી શક્તિઓને એ અંગિકાર કરે છે. અને એ શક્તિઓ પોતાને પથભ્રાંત ના કરે એટલું આત્મબળ તો એમણે મેળવેલું જ હોય છે.

**પ્રશ્ન :** સારાસારા મહાત્માઓ ચમત્કાર કેમ નહિ બતાવતા હોય ? મને કોઈ મહાત્મા ચમત્કાર બતાવે તો હું એનો દાસ થઈ જઉં.

**ઉત્તર :** તમે કોઈ મહાત્માના દાસ થશો કે નહિ તેમાં મહાત્માને મેળવવાનું કે ખોવાનું કશું જ નથી તે વાત તમારે

માટે લાભની છે. મહાત્માને તેમાં કાંઈ ન્યાલ થવા જેવું નથી. તમે તેના ભક્ત નહિ બનો તો તેને કાંઈ દેવાળુ કાઢવાનો પ્રસંગ નથી આવવાનો, ઈશ્વરની વિરાટ દુનિયામાં તમારી કિંમત કોડી બરાબર પણ ક્યાં છે ? તમે તો તૃણ બરાબર છો. જગતનું ઐશ્વર્ય જેના ઐશ્વર્યના અંશ બરાબર છે, તે પરમાત્મા સાથે મહાપુરુષોએ પ્રીત બાંધી છે. તે તો તેથી કૃતકૃત્ય છે. તેમને કાંઈ ભક્ત કે શિષ્ય બનાવીને કૃતાર્થ થવાનું રહ્યું નથી. ઈશ્વરનાં ચરણોમાં તેમને આનંદ છે. તમને શિષ્ય બનાવવા માટે તેમણે કોઈ ચમત્કાર બતાવવાની જરૂર નથી.

અને ચમત્કાર જોવાની શક્તિ હોય તો ઈશ્વરની દુનિયામાં ડગલે ને પગલે ચમત્કાર દેખાય છે. પ્રભુનું સર્જન જગત એક ચમત્કાર જ છે. મહાપુરુષોનાં જીવન પણ આવા ચમત્કારથી ભરપૂર છે. ફક્ત તેને જોવાની લાયકાત જોઈએ. જે સંસારના વિષયોમાં તમે રસ માણો છો, તેમાંથી મન ખેંચી લઈને મહાત્માઓએ સંસારના સ્વામીમાં તેને લગાડ્યું છે. આ ચમત્કાર ઓછો છે ? અસત્ય, કામક્રોધ ને અનીતિથી તે નિવૃત્તિ થયા એ શું ચમત્કાર નથી ? આજની દુનિયામાં ધન, કીર્તિ ને સંસારના પદાર્થો માટે માણસ દોડધામ કરે છે. મહાપુરુષો તેવી દોડધામને મુકી દઈ પરમાત્માને પંથે આગળ વધે છે. એ ચમત્કાર નહિ તો બીજું શું છે ? આજની દુનિયામાં તો સત્ય બોલવું ને બ્રહ્મચર્ય પાળવું એ પણ ચમત્કાર છે. આ ચમત્કારને ઓળખી તે પ્રમાણે જીવન જીવતાં શીખો. એ પછી સાધનાના માર્ગના બીજા મહાન ચમત્કાર જોવાની યોગ્યતા મળી શકે.

—શ્રી યોગેશ્વરજી



# ॥ મધમાખી બનો ॥

મેં પસંદ કરેલા વિષયનું શીર્ષક વાંચીને કોઈને થશે કે શું આપણે ફરી વાર મધમાખી બનવાનું છે અથવા તો મધમાખીના શરીરમાં પ્રવેશ કરવાનો છે ? માનવશરીરનો મહિમા સત્પુરુષો તથા સત્શાસ્ત્રોએ વિવિધ રીતે વર્ણવી બતાવ્યો છે. એ શરીર જેને તેને અને જ્યારે ત્યારે નથી મળતું. એની શક્તિ અને શક્યતા ઘણી મોટી છે. તુલસીદાસે રામાયણમાં એને 'સાધનધામ' તથા 'મોક્ષનું દ્વાર' કહ્યું છે. એની મદદથી પોતાના અને બીજાના હિત માટેનો પુરુષાર્થ કરી શકાય છે. એવા સુંદર, સર્વોત્તમ શરીરનો ત્યાગ કરીને મધમાખીના કે એવા બીજા કોઈ હીન ગણાતા શરીરનો સ્વીકાર કરવાના પ્રસ્તાવ પર વિચાર પણ કોણ કરે ?

સાચું છે. એવા વિચારો કે મનોભાવોની સાથે આપણે અવશ્ય સંમત થઈશું. આપણે પોતે પણ માનવશરીરને મૂકીને મધમાખીના શરીરમાં પ્રવેશવાનો પ્રસ્તાવ કોઈની આગળ રજૂ નથી કરતા. આપણે તો મધમાખી બનતાં શીખવાની વાત જ કરી રહ્યા છીએ. એટલે માનવ તરીકે શ્વાસ લેતા રહીને, માનવ તરીકેનું અલગ અસ્તિત્વ મટાડી દીધા વિના, મધમાખી પાસેથી ગુણ ગ્રહણ કરી, એની જેમ જીવનમાં જરૂરી ફેરફાર કરવાની સૂચના જ આપી રહ્યા છીએ. એટલે એ સંબંધી અન્યથા ને નિરર્થક ભય રાખવાનું કોઈ કારણ નથી.

ત્યારે મધમાખી પાસેથી આપણે સૌએ કયો ગુણ ગ્રહણ કરવાનો છે ? કોઈ વળી બોલી ઊઠશે કે તમે પણ ખરા નીકળ્યા ! માણસ જેવો માણસ મધમાખી જેવા તુચ્છ જંતુ પાસેથી કોઈ વિશેષ ગુણ કે ઉપદેશ ગ્રહણ કરે એ વિચાર જ કેટલો બધો

શરમજનક અને હાસ્યાસ્પદ લાગે છે ? માણસ જો મધમાખીને ગુરુ કરશે તો એનું ગૌરવ શું રહેશે ?

પરંતુ એવી દલીલ નિરાધાર છે. કવિ દલપતરામે કહ્યું જ છે કે 'લેવી નાના પાસેથી પણ ચાતુરીની વારતા.' એ પ્રમાણે સાધારણ લાગતા પ્રાણી કે પદાર્થની પાસેથી પણ જો કોઈ જીવનોપયોગી પ્રેરક સંદેશ મળે તો તેને ગ્રહણ કરવામાં હરકત ના હોવી જોઈએ. સારી વાત તો દરેકની પાસેથી શીખી શકાય છે. દત્તાત્રેયે પણ મધમાખીને ગુરુ કરીને એની પાસેથી પરિગ્રહ અથવા મમતા ના કરવાનો પદાર્થપાઠ પ્રાપ્ત કરેલો. એ હકીકત શ્રીમદ્ભાગવતમાં વિસ્તારથી વર્ણવેલી છે. મધમાખીઓએ તૈયાર કરેલું મધ એમના કામમાં ના આવ્યું અને બીજાએ લૂંટી લીધું એ જોઈને દત્તાત્રેયને સર્વ પ્રકારના પુરુષાર્થો તથા પરિગ્રહો પરથી વૈરાગ્ય થયો. પરંતુ આપણે તો મધમાખી પાસેથી એક બીજી જ વાત શીખવાની છે.

મધમાખી ફૂલ પર બેસે છે અને મધ એકઠું કરે છે. એટલે કે સારગ્રહણ કરે છે. એવી રીતે આપણે સૌએ સારગ્રાહી થવાનું છે. મધમાખીએ તૈયાર કરેલા મધપૂડાને જોઈને આપણને કેટલું આશ્ચર્ય થાય છે ? એ મધપૂડાની પાછળ એનો કેટલો બધો એકધારો ઉદ્યમ રહેલો છે ? એવી રીતે જો આપણે પણ સંસારમાંથી શુભને ગ્રહણ કરીએ અને એવી સંચિત સૌરભમાંથી મધપૂડા જેવું રસવંતું મધુમય જીવન તૈયાર કરીએ તો કેટલો બધો લાભ થાય ? પ્રત્યેક વ્યક્તિ જો પોતાની મેળે સર્વોત્તમ જીવનનો એવો મધપૂડો તૈયાર કરે તો જીવન સ્વર્ગસુખદ બની જાય એમાં સંદેહ નથી. ત્રિગુણાત્મિકા પ્રકૃતિમાંથી પેદા થયેલી આ સૃષ્ટિ એકસરખી અને એકસરખા સ્વરૂપવાળી નથી. એમાં ફેરફારો



થયા જ કરે છે, તેમજ એ શુભ-અશુભના સંમિશ્રણરૂપ છે. એવી સૃષ્ટિમાં શ્વાસ લેતાં લેતાં શુભ તથા સત્યનું જ દર્શન તેમજ ગ્રહણ કરવાની ટેવ પાડવી આવશ્યક છે. સંસારમાં સર્વત્ર ને સૌમાં વત્તા કે ઓછા પ્રમાણમાં કાંઈ ને કાંઈ શુભ તો હોય છે જ. દુષ્ટ અથવા અધમ કહેવાતા મનુષ્યોમાં પણ કેટલાક સારા ગુણો જોવા નથી મળતા એમ નહિ. એ શુભ અથવા સદ્ગુણોનું દર્શન કરતાં શીખવાની તથા એ મનુષ્યો વિશે અંતિમ અભિપ્રાય આપતાં પહેલાં એમની પ્રત્યે આંખમીંચામણાં નહિ કરવાની અને એમાંથી કોઈ ને કોઈ જીવનોપયોગી સંદેશ ગ્રહણ કરવાની કળામાં કુશળ બનવાની જરૂર છે. મધમાખી બનતાં શીખવાનું કહીને આપણે એ જ હકીકત તરફ અંગુલિનિર્દેશ કરવા માગીએ છીએ.

પરંતુ બધા માણસો એવી રીતે મધમાખી જેવા નથી બની શકતા. કેટલાક અથવા મોટા ભાગના માણસો એવા હોય છે કે બીજાનું સારું નથી જોઈ શકતા, સારું બોલી કે લખી નથી શકતા. અને એથી આગળ વધીને બીજાની અંદર જે શુભ હોય તેની ચર્ચાવિચારણા કરવાને બદલે જે થોડુંક પણ અશુભ હોય તેની જ ચર્ચા કરે છે. અને બીજામાં કશું અશુભ જેવું ના હોય તોપણ, પોતાની સ્વભાવસહજ પરંપરાગત અશુભ જોવાની ખાસિયતને લીધે, ના હોય ત્યાંથી અશુભ શોધી કે જોડી કાઢીને પણ, વાણી તથા કલમ દ્વારા તેનો પ્રચાર કરતા ફરે છે. એવા માણસોની ગુણગ્રાહકતા તદ્દન બુઠ્ઠી બની ગઈ કે મરી ગઈ હોય છે. એમની આંખ અને એમના અંતરમાં અમીને બદલે વિષ વ્યાપ્યું હોય છે. તે જ બધે ઠલવાયા કરે છે. કોઈને માટે બે વાક્યો વખાણનાં કે કદરનાં બોલવાનો અવસર આવશે તોપણ તે પછી તરત જ

એમના વિરુદ્ધનું કાંઈક કહી બતાવશે ત્યારે જ એમને ચેન પડશે. વિરોધ, ટીકા કે નિંદાનાં થોડાં વાક્યોથી જ એ પોતાના વક્તવ્યની પૂર્ણાહુતિ કરશે. એ પદ્ધતિ જ એમને પસંદ પડશે, મીઠી મધ જેવી લાગશે, ને બીજી પ્રશસ્તિની પદ્ધતિ એમને માફક જ નહિ આવે. કાગડાની જેમ એમનું મન હંમેશાં બૂરાઈનો જ આશ્રય લે છે અને બૂરાઈમાં જ આનંદ માને છે.

કોઈ વાર કોઈક સ્વાર્થી હેતુની સિદ્ધિ થતાં, કોઈ વાર કોઈ પૂર્વગ્રહને લીધે, સંકુચિતતાને પરિણામે, સાચી વસ્તુ સમજી શકવાની શક્તિના અભાવને લીધે, પ્રકૃતિને લીધે, કે એવા કોઈ બીજા કારણને લીધે માણસ મધમાખી જેવો બનીને બીજાના ગુણ નથી જોઈ શકતો. કારણ ગમે તે હોય, પણ બીજાના ગુણ ના જોવાની ને ના મૂલવવાની એ વૃત્તિ તથા પદ્ધતિ આવકારદાયક કે કલ્યાણકારક તો નથી જ એ સાચું છે. સમજુ માણસે એ વૃત્તિ કે પદ્ધતિનો અંત આણ્યે જ છૂટકો છે. કોઈ વાર એવું પણ બને છે કે એક વાર બીજાના ગુણ જોનાર તથા તેને માટે પેટ ભરીને તેની પ્રશંસા કરનાર પાછળથી તેનું ઘસાતું બોલે છે તથા તેની વિરુદ્ધ પ્રચાર કરે છે. એની પાછળ નાનું કે મોટું, સાચું કે ખોટું કારણ ગમે તે હોય, પરંતુ એ પણ માનવમનની નબળાઈનો જ એક પ્રકારનો પડઘો પાડે છે. જરૂર વગર કાયમ માટે કોઈની પ્રશંસા જ કર્યા કરવી એવું કહેવાનો આપણો ઉદ્દેશ જરા પણ નથી; આપણે તો એ હકીકત પ્રત્યે ધ્યાન ખેંચવા માગીએ છીએ કે માણસે ટીકાખોર વૃત્તિ ને નિંદાની પ્રવૃત્તિનો રસ કાયમને માટે છોડી દેવો જોઈએ. એ વૃત્તિ કદી પણ કલ્યાણકારક નથી થઈ શકતી.

—શ્રી યોગેશ્વરજી



# ॥ પ્લાન્ચેટ ॥

**જિજ્ઞાસુ :** પ્લાન્ચેટ દ્વારા મૃતાત્માઓ સાથે સંબંધ સ્થાપી શકાય છે એ વાત સાચી છે ?

**જવાબ :** મારી સમજ પ્રમાણે સાચી છે. પ્લાન્ચેટ એક વિદ્યા છે. અને એ વિદ્યા દ્વારા મૃતાત્માઓ સાથે સંબંધ બાંધી શકાય છે. ભારતમાં જ નહિ, પરંતુ પશ્ચિમના દેશોમાં પણ એ વિદ્યાનો પ્રચાર થયો છે. અને એમાં કેટલાય લોકો રસ લે છે. એ વિદ્યામાં રસ લેનારા માણસોએ પોતાના સ્વાનુભવ વિશે પ્રકાશ ફેંકતાં વિવરણ પણ લખેલાં છે. એ વિવરણ ઘણાં રસદાયક હોય છે, પરંતુ તમારે આવો પ્રશ્ન કેમ પૂછવો પડ્યો ? તમે શું પ્લાન્ચેટની વિદ્યામાં રસ લો છો ? કે પછી એના પ્રયોગ કરો છો ?

**જિજ્ઞાસુ :** પ્રયોગો કરતો તો નથી, પરંતુ જે પ્રયોગો કરે છે એવા એક મહાનુભાવની સાથે સંબંધ રાખું છું. અઠવાડિયામાં એક વાર અમે એમને ત્યાં ભેગા થઈએ છીએ, એ બીજા ત્રણ માણસોની મદદથી પ્રયોગો કરી બતાવે છે. પ્લાન્ચેટ પર અમારી મરજી મુજબના મૃતાત્માઓને બોલાવીને એમની પાસે એ અમારા પ્રશ્નોના ઉત્તર અપાવે છે. મૃતાત્માઓ ઉત્તર આપીને ચાલ્યા જાય છે. કેટલીક વાર તે કોઈ સૂચનો પૂરાં પાડે છે કે ગૂઢ ને ગુપ્ત રહસ્યો પણ બતાવે છે. એ બધું એકદમ અજાયબ જેવું લાગે છે.

**જવાબ :** અજાયબ જેવું લાગે છે એ સાચું છે સાચું કહીએ તો એ આખી વિદ્યા જ અજાયબ જેવી છે જે માધ્યમ બને છે તેવા મનુષ્યો દ્વારા એ વિદ્યાનું પ્રદર્શન કરી બતાવવામાં આવે છે. એમાં કાંઈ ગુપ્ત જેવું નથી હોતું, જે થાય છે તે પ્રકટ રીતે જ થાય છે. કેવી રીતે થાય છે. તે જ માત્ર રહસ્ય રહી જાય છે. કેટલાક લોકોનું કહેવું એવું પણ છે કે મનુષ્યના મનના સુષુપ્ત ભાવો, વિચારો કે સંસ્કારોનો એના દ્વારા પડઘો પડે છે. પરંતુ એ પડઘો પડે છે કેવી રીતે ? એની પાછળ કોઈ શક્તિ તો હોવી જ જોઈએ, એ શક્તિની મારફત જ લાકડાના ટેબલ પર ટકોરા પડે છે અને પ્લાન્ચેટનો આખો પ્રયોગ શક્ય બને છે, એ તો દેખીતું છે.

**જિજ્ઞાસુ :** એટલે મૃતાત્માઓને બોલાવી શકાય છે અને

એમની મારફત માર્ગદર્શન મેળવી શકાય છે એ વાત સાચી ?

**જવાબ :** સિદ્ધાંતની દૃષ્ટિએ એ વાતને સાચી માનવામાં કાંઈ જ હરકત નથી. પરંતુ વ્યાવહારિક રીતે બીજા કેટલાક પ્રશ્નો વિચારવા જેવા છે. ધારો કે મૃતાત્માઓને બોલાવી શકાય છે, તો પણ તેમને બોલાવવાથી તેમનું કે બોલાવનારનું કાંઈ શ્રેય થાય છે ખરું ? પોતાના મંગલને માટેની તે કોઈ યુક્તિ બતાવે, સૂચના કરે કે માહિતી આપે, તો પણ તે પ્રમાણે વર્તવા માટે તે સર્વથા સ્વતંત્ર છે. તેમની મારફત મેળવેલું માર્ગદર્શન પણ સાચું જ હશે એમ નહિ કહી શકાય. કોઈ વાર તે તદ્દન આધાર વગરની ભળતી માહિતી પણ પૂરી પાડે છે. એવી માહિતીને વિશ્વસનીય માનીને આગળ વધીએ તો નુકશાન થવાનો સંભવ રહે છે.

**જિજ્ઞાસુ :** તો પછી તમને પ્લાન્ચેટની વિદ્યામાં રસ નથી એમ ?

**જવાબ :** પ્લાન્ચેટની વિદ્યા રસિક છે. પરંતુ એને સર્વોત્તમ માનીને એમાં ડૂબી જવાનું જરાય ડહાપણભર્યું નથી. એથી વિદ્યાર્થીના જીવનનું આત્યંતિક કલ્યાણ નહિ થાય. તે માટે તો બીજી ઘણી વિદ્યાઓને ગૌણ માનીને, કેવળ અધ્યાત્મવિદ્યાનો જ આશ્રય લેવો પડશે. જો જીવનનું સર્વોત્તમ શ્રેય સાધવું હોય તો અંતરના ઊંડાણમાં ડૂબકી મારો, મૃતાત્માઓની સાથે નહિ, પરંતુ જીવંત પરમાત્માની સાથે સંબંધ બાંધો, એનું માર્ગદર્શન મેળવો ને એના વધારે ને વધારે ગાઢ સંપર્કમાં આવવાની કોશિશ કરો. જો તમારા પ્રયાસમાં તમે પ્રમાણિક ને મક્કમ રહેશો તો છેવટે આત્મિક શક્તિના વિકાસની પરિસીમાએ પણ પહોંચી શકશો. બીજી વિદ્યાઓ જીવનના સાચા આદર્શને ભુલાવનારી છે, તમે પણ એવી રીતે જીવનના સાચા આદર્શને ભૂલી જશો તો ભારે હાનિ થશે, એ યાદ રાખજો. મુક્તિ, શાંતિ કે પૂર્ણતા મેળવવાની ઈચ્છા હોય તો પરમાત્માના સાક્ષાત્કારને જ તમારા જીવનનું લક્ષ્ય બનાવવું પડશે. એથી બીજું કશું જ નહિ.

**–શ્રી યોગેશ્વરજી**



# ॥ પ્રભુનાં પદચિહ્નોથી પુનિત પથની યાત્રા ॥

શ્રી કોટેશ્વર મહાદેવ પદયાત્રાની પૂર્વસંધ્યાએ દેવપ્રયાગ શાંતાશ્રમનાં દર્શન પામી જાણે પદયાત્રાની સંપૂર્ણ જવાબદારી 'મા'-પ્રભુને સોંપી નિશ્ચિત બન્યા અને 'મા'-પ્રભુની કૃપાના કૃપાપાત્ર બન્યા. પદયાત્રાના દિવસે વહેલી સવારે શાંતાશ્રમને નીચેથી જ પ્રણામ કરીને પ્રારંભ પામેલી યાત્રા સાંજે શ્રી કોટેશ્વર મહાદેવને પ્રણમી પૂર્ણ બની માત્ર ને માત્ર 'મા'-પ્રભુની કૃપાથી !

પદયાત્રા પૂર્વે 'મા'એ આપેલ દર્શનપ્રસાદમાં સૂચવ્યું કે તમે બધાં પ્રભુ જે માર્ગે ગયા હતા તે માર્ગે જઈ શકો છો તો પ્રભુના પદચિહ્નોને પદયાત્રાના પથમાં શોધજો. અને જ્યારે આઠ કી.મી.ના ધૂળિયા માર્ગે ડગ માંડ્યાં તો પ્રાર્થના થઈ કે હે ભૂમિ, તમે આપના સંસ્પર્શે અમને પણ પાવન કરજો. વળી, થયું કે અમારી શું વિસાત કે અમે પ્રભુના પદચિહ્નોને શોધી શકીએ ? વળી, એમ પણ થયું કે પદચિહ્નો અહીં જ છે. કારણ પ્રભુ તો કાલાતીત છે તેથી તેમના પદચિહ્નોને કાળની શું અસર થઈ શકે ?

અપાર પ્રાકૃતિક સૌંદર્ય સાથે કઠિન પથપ્રદેશ વળી નિર્જનતા જોઈ એમ થાય કે અમે તો એંશી પદયાત્રી સાથે કે આગળ પાછળ હતા પ્રભુ તો માત્ર એ પરમાત્માની સંગાથે જ યાત્રી બનેલા તો પછી પ્રભુએ તેમના આ અતિ શ્રદ્ધાળુ બાળ માટે ગામ તો વસાવવું જ પડે ને ! એ વિચારે જ નતમસ્તક થઈ જવાયું ! હે 'મા' પ્રણામ ! આવી પદયાત્રાના યાત્રી બનાવવા માટે.

**–શ્રી જયશ્રીબેન**

# ॥ યાત્રાની આમંત્રણપત્રિકા ॥

એક તરફ કોટેશ્વર પદયાત્રાનું આયોજન અને બીજી તરફ માતાની માંદગીની ચિંતા, શું કરવું એવી ગડમથલ-ચિંતામાં પૂ.શ્રી'મા'નો ફોન આવ્યો કે શું થયું યાત્રા માટેની રજા મૂકી દીધી ? શું જવાબ આપું ? હા, 'મા', આજે મૂકી દઉં છું. કોઈપણ પ્રકારના સંદેશા, ફોન બધું જ બંધ અને એવામાં અચાનક પૂ.શ્રી'મા'નો ફોન, રડી પડાયું. તો એક સુંદર પુસ્તકમાંથી લેખની બે-ચાર પંક્તિ મને વાંચીને સંભાળવતાં પૂ.શ્રી (ફોનમાં) 'મા' કહે છે. જેનું શીર્ષક હતું 'આમંત્રણ' અરે 'મા' આ શું ? એમનો ભાવાર્થ કંઈક આવો હતો કે જાણે કેટલી બધી દિશાઓથી હું ઘેરાયેલો છું અને એવામાં પ્રભુ તું મને બોલાવે છે તો મારે શું કરવું ? આટલું સાંભળતાં જ રડતાં રડતાં જવાનું પાક્કું થઈ ગયું કે હવે કોટેશ્વર યાત્રામાં જવાનું મારું પાક્કું છે. બે દિવસ પછી ફરી સમાચાર આવ્યા કે યાત્રા બંધ રહી છે પરંતુ વારંવાર પૂ.શ્રી'મા'નો 'આમંત્રણ' શબ્દ સ્મૃતિપટ પર રમ્યા જ કરે અને અંતે હરિદ્વાર પહોંચી જ ગયાં ! ત્યાં પહોંચતાં જ સંભળાયું કે યાત્રા તો થવાની છે સાંભળતાં જ થયું કે, 'પ્રભુ થેન્ક્યુ મારા પ્રભુ ! તમે અમને તમારા પસંદગીના પાત્રો બનાવ્યાં.'

તા.૨૪/૧૧/૨૦૨૧ દેવપ્રયાગ શાંતાશ્રમની પવિત્રભૂમિનાં દર્શન કર્યાં ત્યાં તો પગદેવતા થોડી આનાકાની કરવા લાગ્યા. રાત્રે તો પૂજ્ય શ્રી'મા'-પ્રભુને ખૂબ જ પ્રાર્થના કરી હે પ્રભુ, તમારે જ તમારા પંથે પગલા મંડાવવાં છે તો તમે જ સહાય કરજો, પગદેવતાને પણ પ્રાર્થના કરી અચાનક સવારે બસમાં બેસતાંની સાથે પ્રાર્થનાઓ શરૂ થતાં જ સંકટમોચન (આંખમીંચતાં જ) હનુમાનજીનું દર્શન થયું. જાણે પ્રભુ પોતે જ આવી ગયા ! ને ટીહરીની પદયાત્રા પ્રારંભ પામી. દીપકભાઈની દોરવણી હેઠળ શરૂઆતનું ચઢાણ જોતાં જ થયું કે આટલી કપરી પદયાત્રા કેવી રીતે સફળ થશે. પરંતુ સતત સતત પ્રાર્થના કરતાં કરતાં પ્રભુને હાથ જોડીને પ્રણામ કરતાં કરતાં (પ્રભુના પગલાને શોધતાં શોધતાં) યાત્રા પૂર્ણ થઈ. યાત્રા પૂર્ણ થવાની જ હતી કેમકે પૂ.શ્રી'મા' થકીએ નિમંત્રિત હતી !

—શ્રી રાજેશ્રીબેન



# ॥ શ્રી પ્રભુસંસ્મરણ—ટીહરીયાત્રા ॥

પૂજ્ય શ્રી'મા' ભગવતી જગતજનની 'મા' સર્વેશ્વરી 'મા'નું શ્રી ગંગાજી-અંકે બિરાજમાન હોવું, અને કોઈ યાત્રા આકાર પામે તે આપણા સૌનું પરમ સદ્‌ભાગ્ય છે. આ શતાબ્દી પર્વમાં પૂજ્ય શ્રી'મા' જે યાત્રા માટે સજ્જ કરે અને તે યાત્રા ઐતિહાસિક યાત્રામાં સ્થાન પામવાની હોય અને તેમાં પણ આપણને સૌ પ્રથમ યાત્રી તરીકે સહભાગી થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય તે આપણું અહોભાગ્ય ગણાય અને ત્યારે પૂજ્ય શ્રી'મા'નાં શ્રીચરણે કોટી કોટી પ્રણામ સહજ થઈ જાય. આ દેહ ઝૂકી જ જાય.

પૂ.શ્રી'મા'એ અમને શ્રી સુવર્ણમંદિરની યાત્રાએ મોકલ્યા હતા. અને એ યાત્રામાં જ શ્રી હેમલભાઈ ફોનથી પૂછે છે કે, પૂજ્યશ્રી પ્રભુસંસ્મરણ ટીહરીયાત્રામાં આપ આવવાના છો ? અને અમે કહ્યું કે હા, હું અને સોનલ બંને સહભાગી થઈશું. અને યાત્રા માટે તા.૬/૧૨/૨૧ના રોજ બપોરે ૧૨.૦૦ પછી પ્રસ્થાન કરવાનું હતું. આ યાત્રામાં ૧૭ સાધકો સ્થાન પામ્યા હતા. આ સૌ પ્રભુ દ્વારા પસંદ કરાયેલા સાધકો હતા. અમે કોઈ એ યાત્રા માટે લાયક ન હતા કે ના કોઈ પાત્રતા હતી. એ પ્રભુના પગલે પૂજ્ય શ્રી'મા' સિવાય કોઈ ચાલી શક્યું નથી. પરંતુ પૂજ્ય શ્રી'મા' ખૂબ વિશાળ હૃદયવાળાં અને ખૂબ પ્રેમાળ છે. એ પૂજ્ય શ્રી'મા'એ સૌને પાત્ર બનાવ્યાં. અમારાં સૌ પર કૃપા વરસાવી. અને અમે સૌ આ યાત્રા માટે પસંદગી પામ્યાં હતાં. સૌ યાત્રીઓ પોત પોતાનાં નોકરી, વ્યવસાય, છોડીને આ પ્રભુની પગદંડી પર ડગ ભરવા આતુર હતા. કોઈ બીજો વિચાર ન હતો કે ન બીજે જવાનું હતું. સૌનું લક્ષ્ય એક જ હતું. પૂજ્ય શ્રી પ્રભુનાં ચરણકમળથી પાવન થયેલ ભૂમિમાં વિહાર કરવાનો હતો. ત્યાંની

હવાને શ્વાસમાં ભરવાની હતી. અને શ્વાસે શ્વાસે પ્રભુનું નામ જપવાનું હતું. આ યાત્રા પેટે બધાંએ યાત્રી દીઠ ૪૦૦૦/–ની રકમ જમા કરાવવાની હતી. અને આ યાત્રા બે દિવસમાં કરવાની હતી. કુલ ૪૮ કિ.મી.ની યાત્રા હતી. આ યાત્રામાં નિવાસ તેમજ ભોજન માટે રામકુંડ રિસોર્ટમાં આયોજન કરાયું હતું.

આ યાત્રાનું મહત્ત્વ એટલે વધી જાય કારણ આ યાત્રા પ્રભુના શતાબ્દીપર્વ નિમિત્તે પરમ પૂજ્ય શ્રી પ્રભુએ જે રીતે દેવપ્રયાગથી ટીહરીની પદયાત્રા કરી હતી તે સ્થાનમાંથી, તે પગદંડી પર કરવાની હતી. એટલા માટે તેમજ આ પ્રથમ યાત્રા હતી. અને અમે પણ સૌ સાધકો પ્રથમ વાર જ આ યાત્રામાં સહભાગી થવાના હતા.

તા.૬/૧૨/૨૦૨૧ના રોજ બપોરે ૧૨.૦૦ વાગ્યે યાત્રા પ્રારંભ પામી. બધાં સમયસર બસમાં પહોંચી જઈએ છીએ. આ યાત્રાના સ્થૂળ સંચાલનનો ભાર શ્રી હેમલભાઈ અને શ્રી સ્નેહલભાઈને શિરે હતો. સૂક્ષ્મ સંચાલન તો પૂજ્ય શ્રી'મા' જ કરવાનાં હતાં. બસમાં સૌ આવી ગયાં હતાં બે દિવસ માટે જે જે જરૂરી વસ્તુઓ હતી તે બસમાં મુકાઈ ગઈ છે. નવ મંત્રગાનથી બસયાત્રા પ્રારંભ પામે છે. વરદ હસ્તની પ્રાર્થના પણ થઈ છે. રસ્તામાં બ્યાસી નામના એક સ્વચ્છ વિશ્રામસ્થાન પર બસ ઊભી રહી છે. જેને જેને રેસ્ટ રૂમમાં જવું હોય તે જાય છે. અને પૂજ્ય શ્રી'મા'ની આજ્ઞા અનુસાર જે બસમાં હોય કે પદયાત્રામાં હોય તે સૌને મૌન રહેવાનું હતું. એટલે મોટાભાગે એ શિસ્તનું પાલન થતું હતું. જરૂરી વાતો પણ થતી હતી. અને લગભગ સાંજે ૪.૩૦ની આસપાસ શ્રી શાંતાશ્રમની કુટિયામાં પહોંચી જઈએ છીએ. અહીં સૌને પાંચ પ્રણામ અને વરદ હસ્તની પ્રાર્થના કરવાની સૂચના મળી હતી. અને આજના દિવસે જ એ મહાપુરુષની તપોભૂમિને



વંદન કરી આશિષ માગી વિદાય લેવાની હતી. એ માટે સૌને ૧૫ મિનિટનો સમય અપાયો હતો. હું ૫૧ પ્રણામ પૂરા કરું છું. પછી પ્રાર્થના શરૂ કરીએ છીએ. ત્યાં જ નિલેશભાઈનો ફોન આવે છે 'દોડતા નીચે આવો કામ છે.' અને હું દોડતો નીચે જાઉં છું. રસોઈ માટેનો તેમજ સત્કર્મ માટેની જરૂરી સામાન ઊંચકીને બસમાં મુકવાનો હોય છે. એ પણ જરૂરી છે. અને સાંજે ૫.૪૫ની આસાપાસ રામકુંડ રિસોર્ટમાં પહોંચી જઈએ છીએ. અહીં એક રૂમમાં ત્રણ સાધક માટે નિવાસની વ્યવસ્થા કરવામાં આવી છે. રિસોર્ટ ખૂબ સારી જગ્યા પર છે. સામે જ પતિતપાવન શ્રી ગંગાજીનાં દર્શન થાય છે. બાજુમાં દેવપ્રયાગ છે. અહીં અલકનંદા અને ભાગીરથીનું સંગમસ્થાન છે. અને શ્રી ગંગાજી અલ્લડ બની આગળ ઋષિકેશ તરફ ત્વરાથી ગતિ કરે છે. સૌને રૂમ ફળવાય છે. હું રાજીવભાઈ અને દેવર્ષિભાઈ એક જ રૂમમાં સ્થાન પામીએ છીએ. ગરમ પાણીની સગવડ પણ ચેક થઈ છે. આ સ્થાનમાં શ્રી ગંગાજીનો પાવન પ્રવાહ અને એનો સુમધુર અવાજ સતત જાણે પ્રાર્થના માટે, સાધના માટે પ્રેરતો રહે છે. રૂમમાં જઈ સૌ પ્રથમ ગરમ પાણીથી સ્નાન કરી અને તાજા થઈ જઈએ છીએ. ત્યાર બાદ પ્રણામ કરવાનું મન થાય છે. આજે સોમવાર છે આજે જમવાની રજા છે. એટલે પ્રણામ પ્રારંભ પામે છે 'સાદ'નાં પદો પર પ્રણામ કરવાની મજા કાંઈ ઑર જ છે. પૂજ્ય શ્રી પ્રભુએ કેટલાં અદ્ભુત પદ રચેલાં છે. તે સતત પ્રેરણાદાયી અને સકારાત્મક વિચારોને વરેલા છે. લગભગ ૪૬૭ દંડવત પ્રણામ થાય છે. ત્યાર બાદ ફરી સ્નાન કરી અને શ્રી નિલેશભાઈના આગ્રહને વશ થઈને બસમાંથી એક સફરજન અને એક લીલું નાળિયેર બસમાંથી લઈ આવીએ છીએ અને આરોગીએ છીએ એ નાળિયેર પૂજ્ય શ્રી'મા' માટે લાવ્યા હતા

તેમાંથી એક નીચે પડ્યું એટલે એ પૂજ્ય શ્રી'મા'ના ચરણે ના ધર્યું. અને એ કદાચ પૂજ્ય શ્રી'મા'ની જ યોજના હશે. જે મને પ્રસાદમાં પ્રાપ્ત થવાનું હશે. આમ ઉપવાસ બાદ દૂધ, ફળ, નાળિયેર-પાણી પ્રાપ્ત થયાં.

રાત્રે ભોજનકક્ષમાં જ રાત્રિની બેઠક પ્રારંભ પામી. બે બાવની અને ત્રણ પ્રાર્થના થઈ નવ મંત્રગાન સાથે બેઠક પૂર્ણ પામે છે. સૌને પ્રભાતે ૬.૩૦ના સમયે તૈયાર રહેવાની સૂચના મળી છે. શ્રી હેમલભાઈ અને સ્નેહલભાઈ સરસ રીતે બધાંને યાત્રા માટેના જરૂરી સૂચનો આપે છે. તેમજ આજે કેટલા કીલોમીટર પદયાત્રા કરવાની છે. તેમજ ભોજનમાં શું મળશે અને કેટલા વાગે મળશે તે બધું વિગતે સૌને સમજાવે છે.

રામકુંડ રિસોર્ટમાંથી નીકળતાં મારા મનમાં એક યોજના આકાર લે છે મનમાં સતત એ વિચાર આવે છે કે આજે કોટેશ્વર મહાદેવ મંદિરના સ્થાનમાં રોકાઈ જવું છે. એટલે અમે અમારો બધો સામાન લઈને જ જઈએ છીએ. કોઈના બસમાં બેસતાં પહેલાં હું અને રાજીવભાઈ અમારો સામાન મૂકી દઈએ છીએ. પણ શ્રી હેમલભાઈ કે સ્નેહલભાઈને પૂછી શકતા નથી.

દેવપ્રયાગના બસસ્ટેન્ડ પાસેની એક નાની હૉટલમાં જેને જેને દૂધ કે નાસ્તો કરવો હોય તે માટેની ત્યાં વ્યવસ્થા રાખવામાં આવી હતી ત્યાર બાદ શ્રી શાંતાશ્રમની કુટિયાનાં નીચેથી જ દર્શન કરીએ છીએ ત્યાં સમૂહમાં પ્રાર્થના થાય છે. નવમંત્રગાન કરીએ છીએ વરદહસ્તની પ્રાર્થના પ્રારંભ પામે છે. ત્યાર બાદ યાત્રા પ્રારંભ પામે છે. ત્યારે સવારના ૭.૪૫ જેવો સમય થાય છે.

આ મારી પહેલી હિમાલયયાત્રા છે જેમાં પર્વતમાં ચઢાણ ચઢવાનું છે. એટલે વિચાર આવ્યો, પણ દર યાત્રામાં જેમ આ



શરીર પૂજ્ય શ્રી'મા'ને સોંપી દઈએ છીએ તેમ પૂજ્ય શ્રી 'મા'ને અંકે આ શરીર સોંપી દીધું છે. હવે મારે શું ? જે કાંઈ કરશે તે પૂજ્ય શ્રી 'મા' જ કરશે. એવા ભાવ સાથે પગલાં માંડવાનું ચાલુ કર્યું. આ યાત્રામાં પૂજ્ય શ્રી પ્રભુએ જે પગદંડી પર વિહાર કર્યો હતો તે પગદંડી પર જવાનું હતું. સરસ પર્વતો જાણે સંતોની જેમ અડગ એક જ સ્થાન પર પરિશ્રમ વેઠીને અમને આવકારવા જાણે ઉત્સુક હોય તેમ ભાસતા. અને જાણે અમારા જેવા યાત્રીઓના સાહસને વધાવતા હોય તેવું લાગતું. બાજુમાં શ્રી ગંગાજી સરસ રીતે વહેવાનો પરિશ્રમ કરી કેટકેટલાંને હાશ ધરતાં હતાં ! કેટલાંની તરસ તૃપ્ત કરતાં અને કેટલાંનાં પાપોના નાશ કરતાં હતાં. એમને વંદન કર્યા. ધીમે ધીમે ડગ મંડાતા ગયા. કોટેશ્વર મહાદેવ મંદિરના સ્થાન તરફ વધતા ગયા. સૌ ભક્તો પોતાની શક્તિ પ્રમાણે આગળ આગળ કલ્યાણમાર્ગ પર વધતા જતા હતા. સૌને મૌન રહેવાની સૂચના મળી હતી. એટલે મૌન ધારણ કરી કોઈ માળા કરતા, કોઈ સંગીતનું શ્રવણ કરતાં કરતાં પગલાં માંડતા હતા. ચઢાણ આવે ત્યારે થોડો શ્રમ પડતો. ચાલ ધીમી પણ પડતી. શ્વાસ પણ ચડતો. આપણા રોજબરોજના જીવનમાં ચાલવાની આદત ન હોવાને લીધે શ્રમ લાગતો. ઘણું બધું ચાલ્યા પછી બૉર્ડ જોયું તો ૩ કીલોમીટર જ કપાયું હતું. 'સાદ'નાં પદો અને 'શ્રી કૃષ્ણ ગોવિંદ હરે મુરારિ હે નાથ નારાયણ વાસુદેવાય'ની ધૂન સાથે પગદંડી પર પગલાં ભરાતાં જાય છે. ૭ કીલોમીટર પર એક સારા સ્થાનમાં બધાં ઊભા રહીએ છીએ અમુક સહયાત્રીઓ પાછળ આવે છે તેમની રાહ જોઈએ છે. અને બધાં આવે છે પછી એ જ સ્થાનમાં ગરબા રમીએ છીએ. આનંદ વ્યક્ત કરીએ છીએ. અને આ ઐતિહાસિક યાત્રાનો મહારસ જાણે સૌ માણે છે. સોનલબેન એમનાં શરીરની અવગણના કરીને

આ યાત્રામાં સામેલ થયાં છે. કારણ પૂજ્ય શ્રી'મા'એ એક એવું સૂચન પણ કર્યું હતું કે જેનાથી જેટલું ચલાય, એટલી પદયાત્રા કરજો. અને ન જ ચલાય તો બસમાં બેસી જવાનું. એટલે એક સારી પ્રલોભનવળી ઓફર હતી. અને આયોજકોએ એવું આયોજન હતું કે દર ૨ કી.મી. પર બસ ઊભી રહેશે. અને જેનાથી ના ચલાય તે બસમાં બેસી જાય. દેખીતી રીતે પૂજ્ય શ્રી'મા' સતત ફોનથી ખબર પૂછી સૌનું ધ્યાન રાખતાં હતાં પણ સૂક્ષ્મ રીતે તો પૂજ્ય શ્રી'મા' અમારી સૌની સાથે જ હતા. સોનલબેનને થોડો શ્રમ વધુ પડે છે. આથી શ્રી સ્નેહલભાઈ અને હેમલભાઈ સતત સોનલબેનનો ઉત્સાહ વધારતા રહે છે. એટલે એ ચાલે છે. પણ ૧૦ કિ.મી. પછી તો બસ પણ આવતી નથી. કારણ બસ બગડેલી છે. આથી ૩ કિ.મી સોનલબેન બાઈકયાત્રા કરે છે. પૂજ્ય શ્રી'મા' કૃપાને લીધે બસ બગડી જાય છે. એટલે જે આયોજન કરેલું હતું તે બધું અસ્તવ્યસ્ત થયું છે. આ તો આપણે આયોજન કરીએ ખરા પણ એને પાર કરાવવાનું કામ તો પૂજ્ય શ્રી'મા' ના હાથમાં જ છે ને ! જો બસ આવી ગઈ હોત તો કદાચ સોનલબેન બેસી જાત ! અને બીજા યાત્રીઓને પણ બેસવાનું મન થાત. પણ પૂજ્ય શ્રી'મા'ને ખબર છે કે સોનલ સાથે બીજા પણ બેસી જશે. એટલે એ બસ બગાડવાના આયોજનની યોજનાએ આકાર લીધો. પૂજ્ય શ્રી'મા'ની જે પણ યોજના હોય છે તે આપણા સૌ માટે મંગલમય જ હોય છે. એમ સમજાયું.

અમે જ્યાં હતાં ત્યાં સોનલબેન ઉતરી જાય છે. અને બહુ અશ્રુ વહાવે છે કે મારા પગ હવે કામ કરતા નથી. એટલે હું હવે નહિ ચાલું. ત્યારે શ્રી ધરાબેન જે પરદેશ થી આવેલાં છે તે તેમને ભેટે છે. અને કહે છે. ચિંતા ના કરો ચલાશે અને હું પણ એમને હિંમત આપતાં કહું છું કે આ પૂજ્ય શ્રી 'મા'નાં શ્રી તનુને જુઓ



જે આપણા કરતાં પણ કૃશકાય છે ! છતાં કેટકેટલાં કામો આ પૂજ્ય શ્રી'મા' પોતાના શ્રીતનુથી કરી શકે છે. તો આપણે તો હવે ૧૨ કિ.મી. જ ચાલવાનું છે. તો ભલે ને બહુ તો આ દેહ પડી જશે ! એનાથી વધુ શુ થશે ? આપણે જાતે તો ચાલવાનું જ નથી. એક પગમાં પૂજ્ય શ્રી'મા' શક્તિ ભરશે, અને એક પગમાં પૂજ્ય શ્રી પ્રભુ શક્તિ ભરશે, એટલે તમે ચાલો ! અને સોનલબેન ચાલે છે. અને ત્યાં મહેચંદજીની ગાડી આવે છે અને સાથે સૌને માટે જમવાનું પણ લાવે છે. એક સરસ ઘર જોઈને ત્યાં દેવર્ષિ ગાડી ઊભી રખાવે છે. ત્યાં બધા સહયાત્રીઓ ભેગા થાય છે. અને સમૂહભોજન માટે ભેગા થઈએ છે. બધા પ્રાર્થના ગાઈએ છીએ. થોડી સમજ ફેર થવાથી અલગ જગ્યાએ જમવાનું ગોઠવાય છે. પણ જાણે આ ઘરની પસંદગી પણ પૂજ્ય શ્રી પ્રભુએ જ પસંદગી કરી હતી તે યોગ્ય જગ્યાએ જ હતી. બધાં સરસ પ્રાર્થના કરી પછી ભોજન ગ્રહણ કરીએ છીએ. એ ઘરમાં એક નાની દીકરી જે ૨૪ કે ૨૫ વર્ષની છે તેણે તેમના હમસફરને અકસ્માતમાં ગુમાવ્યા છે. તે ઘર સ્મરણપટ પર અંકિત થાય છે. ભગવાન કોઈને આવું દુઃખ ના આપજે એમ પ્રાર્થના થાય છે. આ ઘર ભવિષ્યના સત્કર્મ માટે નોંધી લેવાય છે.

વિશ્રામ પછી યાત્રા પ્રારંભ પામે છે પણ તે પહેલાં શ્રી નિલેશભાઈ પૂજ્ય શ્રી 'મા'નો એક સંદેશો સૌને ધીરગંભીર થઈ આપે છે કે પૂજ્ય શ્રી'મા' એ હાથ જોડી ને કહ્યું છે કે જેનાથી ના ચલાતું હોય તે બસમાં બેસી જાય કે રામકુંડમાં જતા રહે કે હરિદ્વાર આવી જાય. અને બધાંને સૂચના હતી કે બહેનોની આગળ અને પાછળ ભાઈઓ રહે. જંગલનો વિસ્તાર છે. કોઈપણ બનાવ બની શકે. સૌ એ આજ્ઞાનું પાલન કરે છે.

હવે ૮ કિ.મી. કાચો રસ્તો છે. રોડ છે પણ ડામર નથી. અમે

અને નિલેશભાઈ જે કચરો એકઠો થયો છે તેને ભસ્મ કરીએ છીએ. જેથી એ પવિત્ર સ્થાન પવિત્ર જ રહે. અમે સૌ આ પ્રકૃતિને માણતાં માણતાં આગળ વધીએ છીએ. આજે સત્કર્મ પણ ત્યાં કરવાનું હોય છે. શાળાનાં બાળકોને ૩.૦૦નો સમય આપેલો છે. એટલે ત્યાંથી ફોન આવે છે. અને શ્રી સ્નેહલભાઈ અમને સૂચન કરે છે કે તમે અને નિલેશભાઈ સૌને ઓવરટેઈક કરી આગળ પહોંચો. અને સત્કર્મની બધી વસ્તુઓ ગોઠવો. અમે એ સૂચના અનુસરી ને એમ જ કરીએ છીએ. અરે દોડાઈ પણ ગયું. અને હું અને શ્રી હેમલભાઈ ત્યાં પહોંચી ગયા. બધો સામાન ગોઠવી દેવામાં આવ્યો. સૌ યાત્રીઓ સહયોગ ધરે છે. પેન, પેન્સિલ, રબર, ફાઈવ સ્ટાર ચૉકલેટ, ગ્લુકોઝ બિસ્કિટ, ઓરિયો બિસ્કિટ, ટોસ્ટ, નોટબુક, બોર, સ્વીટ અને ફરસાણ, ચાઉમિન વગેરે છે. બાળકો ૫૯ આવ્યા હતા. બધા બાળકોની આંખો આતુર હતી શું મળશે ? બધાંને શિસ્તથી શિક્ષકોએ બેસાડ્યા છે. શ્રી અર્ચનભાઈ અને ધરાબેન તરફથી સત્કર્મ માટે પરિશ્રમની શ્રી લક્ષ્મીનો સહયોગ પ્રાપ્ત થયો છે. અને બાકીના સાધકો તરફથી એ બાળકોને ભાવતા ચાઉમિનનો નાસ્તો પણ ગરમાગરમ તૈયાર કરાવ્યો હતો. શ્રી સ્નેહલભાઈ બધા બાળકોને ૐ 'મા', જય 'મા', જય કૃપાળુ 'મા' ગગનભેદી નારા બોલાવડાવે છે. સૌ સરસ પ્રત્યુત્તર આપે છે. એ સૌના મુખ પર ચમક દેખાય છે. કશું પામવાનાં છે એવી હોંશ દેખાય છે. સૌ પામીને હાશ પામે છે. હવે અમે શ્રી હેમલભાઈની આજ્ઞા માગીએ છીએ કે અમારે કોટેશ્વર મંદિરમાં રાતે નિવાસ કરવો છે. અને શ્રી હેમલભાઈ બધી વ્યવસ્થા કરી આપે છે. હું અને અજયભાઈ રાતરોકાણ માટે સજ્જ થઈએ છીએ. મનમાં વિચાર આવે છે. એક દિવસ સહુ સુખસગવડનો ત્યાગ કરી અલૌકિક દિવ્ય પવિત્ર સ્થાનમાં સાધના માટે રહીએ.

અને હું અને અજયભાઈ શ્રી ગંગાજીઘાટ પર આવીએ છે.



શ્રી ગંગાજી 'મા'ને ૧૦૧ પ્રણામ કરી સ્નાન માટે પાત્રતા પ્રાપ્ત કરી સ્નાન કરીએ છે. અને ત્યાર બાદ હું શ્રી ગંગાજીના પ્રવાહનાં દર્શનમાં લીન થઈ જાઉં છું. આજુબાજુ ઊંચા પહાડો અને ધસમસતા શ્રી ગંગાજીનો પ્રવાહ આપણાં મનના ધસી આવતા વિચારોને રોકવા સમર્થ છે. તેમ લાગ્યું ૨૦૧૯માં 'નમામિ ગંગે યોજના' અંતર્ગત ૨૦૨ લાખના ખર્ચે આ ઘાટનું સરકાર શ્રી દ્વારા નિર્માણ કરાયું છે. સ્નાન માટે સુંદર વ્યવસ્થા છે.

હવે આજે અહીં સાધકો બહારથી આવવાના છે એટલે અમને રોકાવા માટે વિવિધ રૂમો બતાવે છે. પણ છેલ્લે ત્યાંના મહંતશ્રી માટેની રૂમ અમને બતાવવામાં આવે છે. અને અમે એ રૂમ પસંદ કરીએ છીએ. ત્યાં ત્રણ ગાદલાં સૂવા માટે અને બે સરસ ધાબળા ઓઢવા માટે આપે છે. ત્યાર બાદ અમે રાત્રિનું ભોજન અને ગરમ દૂધ ગ્રહણ કરીએ છે. પથારીમાં સૂઈ જઈએ છીએ. અને પૂજ્ય શ્રી 'મા'નો ફોન આવે છે. અજયભાઈ ફોન ઉપાડે છે. પૂજ્ય શ્રી'મા' સાથે વાત કરે છે. પછી પૂજ્ય શ્રી 'મા' કહે છે કે અશ્વિન ક્યાં છે. અને અજયભાઈ મને ફોન આપે છે. બહુ આનંદ થાય છે. આ રીતે આ સ્થાનમાં રોકાવાનો પ્રથમ પ્રયત્ન છે. પૂજ્ય શ્રી 'મા' કહે છે 'એક દિનકા યોગી' અમે કહ્યું હા પૂજ્ય શ્રી 'મા' અને પૂજ્ય શ્રી 'મા' કહે છે. મૌન રાખજો એટલે અમે કહીએ છીએ કે પૂજ્ય શ્રી 'મા' અમે બે જ છીએ એટલે મૌન જેવું છે. એટલે પૂજ્ય શ્રી 'મા' કહે અમે ડિસ્ટર્બ નથી કરતા અને ફોન મુકાઈ જાય છે. શ્રી હેમલભાઈ પણ ફોન કરીને બધી વ્યવસ્થા અંગે પૂછે છે. તે તેમની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવે છે. ત્યાર બાદ રાતની નિત્ય પ્રાર્થનાઓ અમે કરીએ છીએ. ત્યાર બાદ અજયભાઈ એમની સાધનામાં રત થાય છે. હું પૂજ્ય શ્રી પ્રભુના

'ભક્તિયોગ'નું પ્રવચન શ્રવણ કરું છું. લગભગ ૨.૫૦ થવા આવી છે. અને સૂવા માટે જઈએ છીએ.

સવારે ૩.૩૦ના આંખ ખુલે છે. મંદિરના મહંત તેમનું નિત્ય કર્મ કરતા હોય છે. અમને કહે સૂઈ જાવ હજુ ઊઠવાની વાર છે. અમે કહ્યું અમે સાધના કરવા આવ્યા છીએ. સૂવા માટે નહિ. એટલે એમણે કહ્યું કે બહુ સારી વાત છે. એમણે અમને હીટર પણ મૂકી આપ્યું અને કહે છે કે તમે ભાગ્યશાળી છો કે આ સ્થાનમાં સાધના માટે આવ્યા છો આ સ્થાન કૈલાસ જેટલું મહત્ત્વ ધરાવે છે. શ્રી ગંગાજી ઉત્તર દિશામાં પ્રવાહિત હોય અને મહાદેવનું સ્થાન હોય તો તે સ્થાન ઘણું પવિત્ર કહેવાય. જે રીતે બાવન શક્તિપીઠ છે તેમ શ્રી શંકર ભગવાનના અનેક મહત્ત્વનાં સ્થાનો છે તેમાંનું એક સ્થાન કોટેશ્વર મહાદેવનું છે. મનોમન પૂજ્ય શ્રી'મા'નો આભાર વ્યક્ત કર્યો કે હે પૂજ્ય શ્રી 'મા' આપનો ખૂબ ખૂબ આભાર કે અમને આવા પવિત્ર સ્થાનમાં મોકલ્યા.

૪.૦૦ વાગ્યા છે હું અને અજયભાઈ પ્રભાતની નિત્ય પ્રાર્થના કરીએ છીએ. અને ૫.૦૦ વાગ્યે હું ગંગાજી સ્નાન કરવા જાઉં છું. ૫૧ પ્રણામ કરી શ્રી ગંગાજીઅંકે ત્રણ ડૂબકી મારું છું અને એટલું હૂંફાળું પાણી છે. જાણે શ્રી ગંગાજી 'મા' મને પોતાના બાથમાં લઈ હૂંફાળો સ્પર્શ આપતા હોય તેમ અનુભૂતિ થઈ. ત્યારબાદ બાથરૂમમાં ફરી સ્નાન કરી શિવમંદિરમાં જઈએ છીએ. સવારે ૬.૦૦ વાગ્યે આરતી થાય છે. અમે સહભાગી થઈએ છીએ. બહુ સરસ રીતે મહંતજી કોટેશ્વર મહાદેવને શણગારે છે. અને બધા શિવના સ્તોત્ર સંસ્કૃતમાં બોલે છે. ત્યાર બાદ હું પ્રણામ શરૂ કરું છું. લગભગ ૫૦૧ પ્રણામ દંડવત થઈ શક્યા. પ્રભુએ



કરાવી લીધા આ દેહથી પ્રભુને જે જે સાધના કરાવી હોય તે કરાવી લે. આપણે મૂક સાક્ષી બની જોયા કરવાનું.

વિનોદભાઈ નામના સંચાલક ત્યાં બધું સંભાળે છે. અમને સવારે આદુવાળું દૂધ અને પનીર પરોઠા બનાવી આપ્યા છે. અમે એ ગ્રહણ કરી એ સ્થાનને વંદન કરી આગળની યાત્રા માટે પ્રસ્થાન કરીએ છીએ.

સવાર ૮.૩૦ ઉપર તરફ પ્રયાણ કરીએ છીએ. અમને હેમલભાઈ સૂચના આપે છે બસ નીચે નથી આવવાની તમે ઉપર આવી જાવ. હું અને અજયભાઈ ઉપર પહોંચી જઈએ છીએ. બધાની યાત્રા શરૂ થઈ ગઈ છે. સોનલબેન બસમાં બેઠાં હતાં. અમને જોઈ એ પણ પદયાત્રા કરવા જોડાઈ જાય છે. આજે પણ કાચો રસ્તો છે. બહુ શાંત વાતાવરણ છે. સત્સંગ કરતાં કરતાં આગળ ધપીએ છે. જપ થાય છે. ગઈકાલે ૨૦૦ માળા થઈ શકી હતી. આજે બસ અને ગાડી પણ સાથે જ છે. અને બે યાત્રીઓ બીજા જોડાયા છે. શ્રી દીક્ષાબેન અને શ્રી વ્રજભાઈ, કૅનેડાથી દીક્ષાબેન સીધા હરિદ્વાર જ આવ્યાં છે કેટલી શ્રદ્ધા ભક્તિ પૂજ્યશ્રી'મા' માટે છે ! એ બદામનો પ્રસાદ સૌ માટે લાવ્યા છે. હવે પદયાત્રાનો બધો રસ્તો ઉતરવાનો જ છે. ૫ કિ.મી. પદયાત્રા કરીને કોટેશ્વર ડૅમ ઉપર પહોંચી જઈએ છીએ. હજુ ૧૩ કિ.મી.ની યાત્રા બાકી છે. પૂજ્ય શ્રી'મા'નો ફોન આવે છે. પૂજ્ય શ્રી'મા' કહે છે. 'અધૂરાં કામ કરવાવાળાની જગત નોંધ લેતું નથી.' અને પૂજ્ય શ્રી 'મા' કહે છે કે અમને પાંચ યાત્રીઓની ચિંતા થાય છે. સોનલબેન, તેજલબેન, સ્નેહલભાઈ, ઋચાબેન, પૂજ્ય શ્રી'મા' એ એક પદ જે સવારે મોકલ્યું હોય છે. તે ગાવા માટે કહે છે 'હિંમત સે કામ લેંગે ગભરાના કૈસા' અને બધા

યાત્રીઓ આ પદથી જાણે નવું જોમ પ્રાપ્ત કરે છે. અને સૌ નવા ઉત્સાહથી આગળ વધે છે. પૂજ્ય શ્રી પ્રભુ જ્યારે આ યાત્રા કરતા હશે ત્યારે તો કોઈ સુખસગવડ ન હતી રસ્તો પણ ભયજનક હશે. જંગલી પ્રાણીઓનો પણ ભય હશે. ભોજન કે નાસ્તો કે ચૉકલેટ કે જ્યુસ પણ ન હતા. અને આપણી તો સર્વ સગવડો સાથે બાદશાહી યાત્રા કહી શકાય. તેવી કરી રહ્યા છે. આ રસ્તે પ્રભુના પગલાં શોધવાના છે પણ એ કોને મળશે ? જે સતત મેળવવા મથશે. એને જ મળશે જે સતત પરિશ્રમ કરશે એને જ મળશે જે એના માટે વ્યાકુળ બનશે મને એક વાક્ય યાદ આવે છે ''જો ત્યાગે સો આગે'' પૂજ્ય શ્રી પ્રભુને યાદ કરતાં, એમના પદનું શ્રવણ કરતાં પૂજ્ય શ્રી 'મા'ની વાત યાદ કરતાં કરતાં યાત્રા આગળ ધપે જાય છે.

હવે ૬ કિ.મી.ની જ યાત્રા બાકી છે. સોનલ હવે હિંમત હારી છે એ પાછળ આવે છે. આ યાત્રા છે એટલે એવું મનમાં થાય છે સંસારી સંબંધ કે વળગણ ના હોવાં જોઈએ પણ આજે સોનલબેનને મારા ધર્મપત્ની તરીકે નહિ જોતાં તેઓ પણ આ યાત્રાનાં યાત્રી છે. એટલે એક સાધક તરીકે પણ મારે એમની હિંમત વધારવી જ જોઈએ એવું મને લાગ્યું. એમણે મારી બે આંગળી ફિટ પકડી રાખી હતી. અમે એમને કહ્યું પણ ખરું કે આ આંગળી અમારી આજે લાંબી થઈ જશે. અને એ બે આંગળી પર સોનલબેનના આખા શરીરનો ભાર ઝીલવાનો હતો. ૦.૫૦ મીટરના અંતરે હું સતત એમને કહેતો કે હવે આટલું જ બાકી છે ૫.૦૦ કિ.મી. બાકી હોય ત્યાં જ પૂજ્ય શ્રી 'મા'નો ફોન આવે છે. અને કહે છે કે શારદામાસીનું ઘર આવી ગયું છે. હવે કાલીમંદિર નજીક જ છે. અને આમ ઉત્સાહ બેવડાય છે. ધીમે



ધીમે પણ મક્કમ રીતે આગળ યાત્રા ધપે છે. હું એમને કહું છું કે પૂજ્ય શ્રી'મા' અને પૂજ્ય શ્રી પ્રભુનાં વિશાળ સ્વરૂપો સામે જ બિરાજમાન છે. અને આપણે એમનાં શ્રીચરણને પકડવાનાં છે. નજીક જ છે. અને પૂજ્ય શ્રી'મા પ્રભુ'ની કૃપાને લીધે જ સૌ આ યાત્રા કરી શક્યાં છીએ. ૫૦૦ મીટર દૂર આવી પહોંચ્યાં ત્યાંથી બધાં સાથે 'ધન્ય ધન્ય ગુરુદેવ પ્રભુની' પ્રાર્થના સાથે યાત્રા પૂર્ણ કરે છે ઝીરો ડિગ્રી ટીહરી આવી ગયું છે. પૂજ્ય શ્રી'મા' તરફથી બધાંને ફ્રૂટીનો પ્રસાદ પ્રાપ્ત થાય છે. અને મનમાં પ્રાર્થના થાય છે. 'હે મા અમને આ જ રીતે અનેક યાત્રા કરાવજો.' રાત્રે ઋષિકેશમાં ભોજન લઈએ છે. હરિદ્વાર પહોંચીએ છે ત્યારે પૂજ્ય શ્રી'મા' બધાં યાત્રીઓનું પુષ્પથી સ્વાગત કર્યું છે અને ચૉકલેટનો પ્રસાદ આપી ખુશીઓની અને પ્રેમની લહાણ કરે છે.

હા, આવી પદયાત્રા પૂજ્ય શ્રી 'મા' વારે વારે કેમ કરાવે છે ? કારણ પૂજ્ય શ્રી 'મા' કહે છે તેમ આવી યાત્રા થકી આપણા શરીરની પરીક્ષા પણ થઈ જાય છે. પૂજ્ય શ્રી'મા' પ્રભુ સાથે સતત અનુસંધાન રહે છે. સતત પ્રાર્થનાઓ થાય છે. જીવનને એક નવી દિશા મળે છે. આધ્યાત્મિક ઉન્નતિ થાય છે. આપણે થોડો સમય સંસારી વળગણોથી દૂર રહીએ છે. આપણાં વ્યસનોથી પણ દૂર રહીએ છે. પેલા નાનકડા મૉબાઈલની દુનિયાથી પણ દૂર રહીએ છીએ. પ્રકૃતિને પ્રેમથી માણી શકીએ છીએ. પર્વતના પવન અને સરિતાના સંગીતને માણી શકીએ છીએ. એક સમૂહજીવનની તાલીમ પણ મળે છે. પ્રભુની ખૂબ નજીક રહેવાય છે. આરોગ્ય સુદ્રઢ થાય છે. અધધ ગણાય નહિ એટલા ફાયદા છે.

**—શ્રી અશ્વિનભાઈ**